॥ तस्य वाचक: प्रणव: ॥

# ઋતમ્ભરા

**આત્મનો હિતાય જગતઃ સુખાય**




વર્ષ - ૩૫ (જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ) માનદ્ તંત્રી : મિનિષ પટેલ

VOL - XXXV 2019-20 ISSUE-III

'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

॥ ॐ ॥
॥ तस्य वाचकः प्रणवः ॥



બેસતું વર્ષ - સ્વાધ્યાય સત્સંગ



બેસતું વર્ષ - સ્વાધ્યાય સત્સંગ



ઓમ્જયંતી - કંકાવટી



ઓમ્જયંતી - કંકાવટી



ઓમ્જયંતી - કંકાવટી



ઓમ્જયંતી - કંકાવટી



ખેતલીયાદાદા - હળવદ



ખેતલીયાદાદા - હળવદ

॥ ॐ ॥

॥ तस्य वाचकः प्रणवः ॥

# રુતમ્ભરા (ઋતમ્ભરા) એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું બહુજનહિતાય-બહુજનસુખાય

## તંત્રીસ્થાનેથી

પૂ. ગુરુજીના આશીર્વાદથી અને ઓમ્પરિવારના ઉપક્રમે હમણાં ઘણા કાર્યક્રમોનું આયોજન થઈ ગયું. નવરાત્રી ગરબા, બેસતુવર્ષ, પૂ. ગુરુજીની જન્મતિથિ તથા જન્મતારીખ પ્રમાણે સ્વાધ્યાય-સત્સંગ તથા અમદાવાદ મુકામે યોજાયેલ પુસ્તકમેળામાં ભાગ લેવાનું વિગેરે.

પૂ. ગુરુજીની જન્મ તારીખ ૨૭ નવેમ્બર આવતી હોય છે. જે નિમિત્તે આ વર્ષે ૨૪મી નવેમ્બર ને રવિવારના રોજ કંકાવટી મુકામે સ્વાધ્યાય સત્સંગ અને ગાયત્રી મારૂતિયજ્ઞનું આયોજન થયું હતું. કુદરતા વાતાવરણ અને મંદિરના પ્રાંગણમાં આ કાર્યક્રમનું આયોજન ખૂબ જ સુંદર રીતે થયું હતું. કાર્યક્રમ બાદ સૌને ખેતલીયાદાદાના દર્શને લઈ જવામાં આવ્યા હતા. સ્વંયસેવકોની મહેતનથી એકદમ નિર્જન અને જંગલ વિસ્તાર જેવી જગ્યા સુધી સૌને ક્ષેમકુશળ લઈ જવામાં આવ્યા હતા. ત્યાં સૌએ સાથે મળીને ખેતલીયાદાદાની બિરદાવલીનું પઠન કર્યું હતું અને ડૉ.ભિક્ષુજીએ ખેતલીયાદાદાનો સંક્ષિપ્તમાં પરિચય આપ્યો હતો.

'આપણે અહીંયા આવીએ છીએ અને પ્રાર્થના કરીએ છીએ જે પૂ. ગુરુજીએ બિરદાવલી બનાવેલ છે તે ગાઈએ છીએ, પણ તેનો સારાંશ શું છે ? અહીં ખેતલીયાદાદાનો પરિવાર દર્શન કરવા આવે છે ત્યારે સ્ત્રીઓ મોઢા સુધી ઘૂંઘટો ઓઢીને દર્શન કરે છે. તે બતાવે છે કે દાદા હજુ અહીં સાક્ષાત છે, તેમની હાજરી છે. દાદાનો પરિવાર તેમને સાક્ષાત માની તેમની અમાન્યા-મર્યાદાનું પાલન કરે છે. આપણે પણ આમાંથી ઘણું શીખવાનું છે. પોતાના માટે તો બધા ઘણું કરે છે પરંતુ બીજા માટે ઘસાવવું તથા બલિદાન આપવું તે ખેતલીયાદાદા પાસેથી શીખવાનું છે.'

ખેતલીયાદાદાના દર્શન કરીને સૌ પીપળી મુકામે સવા ભગતનાં આશ્રમે ગયા હતા ત્યાં ગુરુમહિમાનું સમુહગાન કરીને સૌ આનંદ વિભોર થયા હતા. આશ્રમમાં આવેલ બીજા દર્શનાર્થીઓ પણ આ સમુહગાન સાંભળીને ભાવવિભોર થઈ ગયા હતા.

કાર્યક્રમોના ફોટાગ્રાફ્સ સામેના પેજ ઉપર આપેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા યોજાયેલ પુસ્તક મેળો - ૨૦૧૯માં ઓમ્પરિવાર દ્વારા સ્ટોલ લેવામાં આવ્યો હતો. પુસ્તકમેળો તા. ૧૪ નવેમ્બરથી ૨૪ નવેમ્બર એમ દસ દિવસનો યોજાયેલ. ઓમ્પરિવારના સ્ટોલની મુલાકાત ઘણાં જિજ્ઞાસુ ભાઈ-બહેનોએ લીધી હતી. પૂ.ગુરુજી દ્વારા સાચી સમજણ અને યોગ ઉપર રચિત પુસ્તકોની ખરીદી હોંશે હોંશે કરેલ. પૂ. ગુરુજી દ્વારા રચિત સાચી સમજણ ઉપરના સુત્રોના બેનરોને વાંચીને સૌ પ્રભાવિત થઈ ગયા. અમુક જિજ્ઞાસુઓ તો આ બેનરોના ફોટોગ્રાફ્સ પાડીને લઈ ગયા હતા. એક વડીલે આ સૂત્રો વાંચીને કહ્યું કે આજના જમાના પ્રમાણે તથા લોકોની રહેણી-કરણીને જોતાં પૂ. ગુરુજીના આ સૂત્રો અને ઓમ્પરિવારના વિચારો સૌ કોઈને ઉપયોગી નીવડે તેમ છે. અત્યારની ભાગદોડ અને માનસિક તણાવ ભરી જિંદગીમાં જો બધા લોકો આ વિચારોનું પાલન કરે તો સુખ-શાંતિપૂર્વક જીવન વિતાવી શકે.

# ઓમ્‌પરિવારના આધ્યાત્મિક વડા પ.પૂ. સદ્‌ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજનાં આશીર્વચન

તા. ૪-૨-૨૦૧૮, રવિવાર સંકલન - શશિકાંત પટેલ

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય, તો જ આપણી જય.

ઓમ્‌પરિવારના આધ્યાત્મિક વડા પ.પૂ. સદ્‌ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજે નેવુમાં વર્ષમાં શુભ પ્રવેશ કર્યો. તે નિમિત્તે પરમ્‌કૃપાળુ ઓમ્‌પરમાત્માની અહેતુકી કૃપાથી તથા પૂજ્યશ્રીના આશીર્વાદથી સમગ્ર નેવુમા વર્ષ દરમિયાન ઓમ્‌પરિવારના ઉપક્રમે સર્વજીવ-હિતાર્થે વિવિધ સાત્ત્વિક-આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન કરવા નિર્ધારિલ છે. તેના અનુસંધાનમાં તા. ૪-૨-૧૮ ને રવિવારે અમેરિકા નિવાસી ડૉ.કાન્તિભાઈ પટેલના અમદાવાદ નિવાસે પર્યાવરણ પરિશુદ્ધિ તથા ગાયત્રી-મારુતીયજ્ઞ, સ્વાધ્યાય - સત્‌સંગ અને પૂજ્યશ્રીના આશીર્વચનના કાર્યક્રમનું આયોજન કરેલ. તે પ્રસંગે પ.પૂ. સદ્‌ગુરુદેવે મનુષ્યજન્મ સાર્થક કરવામાં અતિ આવશ્યક એવાં અનિવાર્ય પરિબળોનાં ગૂઢ રહસ્યોને ઉજાગર કરતાં જે આશીર્વચનની હેલી વરસાવી, તેને નીચે મુજબ રજૂ કરવાનો નમ્ર પ્રયત્ન કરેલ છે.

## પ.પૂ. સદ્‌ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજનાં આશીર્વચન

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય, તો જ આપણી જય.

સર્વેનું સ્વાગત - વંદન - અભિનંદન - આશિષ

અમારા નેવુમા વર્ષમા શુભપ્રવેશ નિમિત્તે સમગ્ર વર્ષ દરમિયાન તમે સૌ સર્વજીવ હિતાર્થે- નિર્ધારિલ અનેકવિધ સાત્ત્વિક-આધ્યાત્મિક કાર્યક્રમોનું નિષ્કામભાવે આયોજન કરી રહ્યાં છો, તે માટેનો તમારો ભરપૂર ઉત્સાહ ખૂબ જ પ્રસંશનીય છે. તમારો આ ઉત્સાહ-શ્રદ્ધા અખંડ રહે તેવી કૃપા કરવા પરમાત્માને પ્રાર્થના કરીયે છીએ. તમે સૌ સર્વ જીવહિતાર્થે અપૂર્વ ઉત્સાહ અને ઉમંગભેર જે કાંઈ કરી રહ્યાં છો, તેમાં તમારુ હિત પણ અનાયાસે જ સધાય છે. કેમકે સર્વજીવની અંદર તમારો સમાવેશ પણ આપોઆપ થઈ જ જાય છે. તેથી તમારે તમારા પોતાના માટે કાંઈ અલગથી કરવાની આવશ્યકતા રહેતી નથી. હિત એટલે કલ્યાણ. કલ્યાણ એટલે મનુષ્યજન્મની સાર્થકતા જેમાં રહેલી છે, તે મોક્ષરૂપી શાશ્વત-સનાતન સુખ કે જે મનુષ્યજન્મે મુખ્ય અને અંતિમ ધ્યેય છે, તેને પ્રાપ્ત કરવા માટે સમજણપૂર્વકનો પુરુષાર્થ કરી તેને પ્રાપ્ત કરી લેવું. જો આપણે નિષ્કામભાવે સર્વજીવ હિતાર્થેનાં સત્‌કાર્ય પ્રેમ-ઉત્સાહ અને ઉમંગપૂર્વક કરવા અવિરત લાગેલા રહીએ તો પરમસુખ પામવાના મુખ્ય ધ્યેયને અચૂક પામી શકાય. આપણે બરોબર યાદ રાખવાનું છે કે આપણો પુરુષાર્થ સંપૂર્ણ ધીરજ અને શ્રદ્ધા સાથે તૈલધારાવત્ હોવો જોઈએ. તેમાં અંતરાય પડવો જોઈએ નહીં. આપણે થોડો સમય કરીએ અને પછી વહેવાર-પ્રપંચમાં તે વિસરાઈ જાય. વળી પાછા જીવનમાં એવા સંજોગો ઊભા થાય કે જેથી તે યાદ આવે અને પાછા તેમાં લાગી જઈએ. જો જીવનમાં સતત આવું જ ચાલતું રહે તો આપણે કલ્યાણથી વંચિત રહીએ. પરિણામે મનુષ્યજન્મ સાર્થક થાય નહીં, એળે જાય. આ વાતને એક દૃષ્ટાંત દ્વારા સમજીએઃ

કોઈ એક જગ્યાએ જમીનમાં પચાસ ફૂટ ઊંડે સુધી ખોદીએ, ત્યારે ત્યાંથી પાણી નીકળે તેમ છે. પરંતુ આપણે દસ ફૂટ જ ખોદીએ અને પાણી નીકળે નહીં, તેથી આપણી ધીરજ-શ્રદ્ધા ડગી જાય, તેથી ત્યાં ખોદવાનું બંધ કરી બીજી જગ્યાએ ખોદવા લાગીએ. બીજી જગ્યાએ પણ દસ ફૂટ ખોદ્યા પછી ધીરજ-શ્રદ્ધા ખૂટતાં ખોદવાનું બંધ કરી ત્રીજી જગ્યાએ ખોદવાનું ચાલી કરીએ. આમ, આપણે દસ-દસ ફૂટ જુદી-જુદી જગ્યાએ ગમે તેટલું ખોદીએ તો પણ પાણી આપણા હાથ લાગે નહીં. પરિણામે આપણી મહેનત અને સમય એળે જાય. પરંતુ જો શ્રદ્ધા અને ધીરજપૂર્વક એક જ જગ્યાએ, પચાસ ફૂટ ખોદીએ, તો પાણી હાથ લાગે.

આમ, મનુષ્યજન્મ સાર્થક કરવા જીવનમાં જરૂરી વધુમાં વધુ સત્કર્મો કરવા રૂપી પુરુષાર્થ પ્રેમ-નિષ્ઠા ધીરજપૂર્વક સતત કરવા અનિવાર્ય છે. વળી, આપણે જે કાંઈ સત્કર્મ કરીએ તે એવા પ્રભાવથી ઓતપ્રોત થઈને કરવાં જોઈએ કે જેથી આપણું કલ્યાણ અચૂક થાય, મનુષ્ય જીવન સાર્થક કરી શકીએ. સત્કર્મ નિષ્કામ ભાવે એટલે કે ફળની ઇચ્છા વગર કરવાં વધુ આવકારદાયક છે. કેમકે કર્મનો અફર સિદ્ધાંત છે કે જેવાં કર્મ કરો તેને અનુરૂપ ફળની પ્રાપ્તિ યથાયોગ્ય સમયે અવશ્ય થાય છે જ. સત્કર્મોના ફળસ્વરૂપ પૂન્ય અને તેથી સુખ તથા અસત્કર્મોના ફળસ્વરૂપ પાપ અને તેથી દુઃખ પ્રાપ્ત થાય છે જ, તેને કોઈ પણ રોકી શકતું નથી. જો આપણે સકામ સત્કર્મ કરીશું, તો ફળસ્વરૂપ સુખની પ્રાપ્તિ તો થશે જ, પરંતુ તે સુખ કરેલ સકામ સત્કર્મની મર્યાદા અનુસાર પ્રાપ્ત થશે. શાશ્વત-સનાતન-અક્ષયસુખની પ્રાપ્તિ થશે નહીં. એનો અર્થ એમ નથી સમજવાનો કે સત્કર્મો કરવાં નહીં. સકામ સત્કર્મ કરવાં તે પણ સારી જ વાત છે. પરંતુ જો નિષ્કામભાવે સત્કર્મ કરીશું, તો કર્મના સિદ્ધાંત મુજબ જે સુખ પ્રાપ્ત થશે, તે શાશ્વત હશે. એક વાત તો નક્કી જ છે કે મનુષ્યજન્મ સાર્થક કરી સનાતનસુખને પામવા માટે સમગ્ર જીવન દરમિયાન સમજપૂર્વક અવિરત પુરુષાર્થ કરવો જ પડશે.

આજના આ ભૌતિકતાપ્રધાન સમાજમાં ચારે બાજુ મોટા ભાગે સૌ કોઈમાં સ્વચ્છંદી અને ઐયાશી જીવનનો વ્યાપ બહોળા પ્રમાણમાં વ્યાપેલો છે. સત્ય અને ધર્મની સામે અસત્ય અને અધર્મનું પલ્લું ભારે થયું છે. લોકો વિવેકમર્યાદાને ભૂલી ગયા છે. પરિણામે મોટા ભાગે સૌ કોઈ ક્ષણભંગુર મૃગજળ સમાન આભાસી ભૌતિક સુખોની ભ્રામક ચમક-દમકથી અંજાઈ કોઈ પણ ભોગે તેને પ્રાપ્ત કરવા માટે આંધળી દોટ લગાવી રહ્યા છે. તેથી તે માટે અનૈતિક એવા અસત્ય અને અધર્મનો માર્ગ અપનાવતાં સહેજ પણ શરમ-સંકોચ અનુભવતા નથી. પરિણામે મનુષ્યજન્મની સાર્થકતા જેમાં રહેલી છે, તે મોક્ષરૂપી સનાતનસુખ પ્રાપ્ત કરવાના મુખ્ય અને અંતિમ ધ્યેયની વિમુખ થઈ રહ્યા છે, તેથી કલ્યાણમાર્ગમાં આગળ વધી મોક્ષરૂપી સનાતન સુખને પામવા માટે જીવનમાં આચરવા પડતા નિષ્કામ સત્કર્મરૂપી પુરુષાર્થ પ્રત્યે બેધ્યાન-ઉદાસીન-લાપરવાહ થઈ રહ્યા છે. પરિણામે મહાદારુણ દુઃખને આપવાવાળા ચોર્યાસીના ચકરાવામાં ફંગોળાઈ રહ્યા છે. આપણી ગતિ આવી ન થાય તે માટે જીવનમાં સમજણ અને ધીરજપૂર્વકનો સતત પુરુષાર્થ કરતા રહેવું અનિવાર્ય છે, તેથી જીવનમાં જો આવી સાચી સમજણપૂર્વકનો પુરુષાર્થ કરવામાં આવે, તો જ આત્યંતિક-સનાતન સુખ કે જેને મોક્ષ કહેવામાં આવે છે, તે અંતિમ ધ્યેયને પામી શકાય. જીવનમાં સાત્ત્વિક-આધ્યાત્મિક ઉન્નતિરૂપી ઊર્ધ્વગતિ માટે પુરુષાર્થ અનિવાર્ય છે. આ માટેનો પુરુષાર્થ એટલે જીવનમાં સત્ય અને ધર્મમય નિષ્કામકર્મોનું સતત આચરણ. પરંતુ જીવનમાં અધોગતિરૂપી કાદવમાં વધુ ને વધુ ઊંડા ખૂંપાતા જવા માટે જવાબદાર અનૈતિક અસત્ અને અધર્મમય કર્મ કરવા માટે કોઈ જ પ્રયત્ન આજના યુગમાં - સમાજમાં કરવો પડતો નથી. કેમકે આપણે એવા વાતાવરણમાં જીવી રહ્યા છીએ કે જ્યાં ચારે બાજુ મોટા ભાગે સૌ કોઈ નિજી સ્વાર્થ માટે બીજાનું અહિત કરતા સહેજ પણ સંકોચ રાખતા નથી. લોકો ક્ષણિક - મૃગજળસુખ કે જે અંતે દુઃખ જ આપે છે. તેમ છતાં પણ અજ્ઞાનતાવશ આવાં ભ્રામક સુખોને પ્રાપ્ત કરવા છેલ્લી હદ સુધીમાં અસત-અધર્મમય ખોટાં કર્મનું આચરણ કરવામાં સહેજ પણ પાછી પાની કરતા નથી. પરિણામે અધોગતિની ઊંડી ખાઈમાં ધકેલાતા જાય છે. આપણે આવા વાતાવરણમાં રહેતા હોવાથી આવાં અનિષ્ટ કર્મ કરવા માટે કોઈ વિશેષ પુરુષાર્થ કરવો પડતો નથી. તે તો આપોઆપ અનાયાસે જ થઈ જતો હોય છે. એટલે તો કહેવતમાં કહ્યું છે કે — 'જેવો સંગ તેવો રંગ.' આપણામાં બીજી પણ એક કહેવત છે કે - 'મોભેથી ઊતરેલાં પાણી પાછાં મોભે ચડે નહીં.'' હાલમાં તો મકાનોને ધાબાં થઈ ગયાં છે, પરંતુ ગામમાં તો હાલમાં પણ છાપરાવાળાં મકાન હોય છે. મકાનમાં બે દિવાલની ઉપર બરોબર વચ્ચે આડું જાડું લાકડું મૂકવામાં આવે છે, તેને મોભ કહેવાય. તેની બન્ને બાજુ ઢાળ પડતુ છાપરુ બનાવવામાં આવે છે. તેથી વરસાદનું પાણી સડસડાટ આપ મેળે નીચે વહી જાય. પરંતુ એ નીચે વહી ગયેલું પાણી પાછું આપમેળે મોભ બાજુ ઉપર ચડે નહીં. પાણીને પાછું ઉપર ચડાવવું હોય, તો કોઈ સાધનનો સહારો લઈને પ્રયત્ન કરવો પડે. તેવી જ

રીતે આત્યંતિક સુખ એટલે કે જે સુખની પ્રતિક્રિયા દુઃખ નથી એવું શાશ્વત - અક્ષયસુખ, જેને મોક્ષ કહેવામાં, તેને આ જન્મે જ પામવા માટે પ્રબળ ઇચ્છા શક્તિ હોવી અનિવાર્ય છે. તે ઇચ્છા શક્તિને ફળીભૂત કરવા માટે સાચી સમજણ-પ્રેમ-શ્રદ્ધા-ઉત્સાહ-ઉમંગપૂર્વક તેને અનુરૂપ અવિરત અથાક પ્રયત્ન કરી તેને પામીએ તો જ મનુષ્ય જન્મ સાર્થક થાય છે. પરિણામે મહાદારુણ દુઃખદાયક જન્મ-મરણના ફેરામાંથી છૂટી જવાય છે. આમ, કલ્યાણપથમાં આગળ વધવા અથવા જીવનની ઊર્ધ્વગતિ માટે સત્ય અને ધર્મમય નિષ્કામ સત્કર્મોના સતત આચરણના સહારે પુરુષાર્થ કરવો જ પડે છે. પરંતુ જેમ મોભેથી પાણી આપમેળે જ નીચેની તરફ વહી જાય છે, તેમ માત્ર સ્વાર્થ વૃત્તિથી પ્રેરાઈ પોતાના અને પરિવારના માટે સુખપ્રાપ્તિની લાલસા કે જે સુખ ક્ષણભંગુર અને અંતે દુઃખ જ આપનારાં છે, તેને પ્રાપ્ત કરવા માટે અધર્મ અને અસત્કર્મના આચરણ માટે કોઈ જ પ્રયત્ન કરવો પડતો નથી. આવાં કર્મો આપણને સતત અધોગતિ તરફ લઈ જાય છે. આપણું કદીયે કલ્યાણ થતું નથી. આપણે અધોગતિરૂપી અકલ્યાણના કાદવમાં વધુ ને વધુ ખૂંપતાં જઈએ છીએ. આ માટેનું મુખ્ય કારણ એ છે કે આપણે જે સમાજમાં-વાતાવરણમાં જીવીએ છીએ ત્યાં મોટાભાગે સૌ કોઈ આવું અસાત્વિક જીવન જીવી રહ્યા હોય છે. તેથી આપણે પણ અણસમજ-અજ્ઞાનતા વશ આવુ અસત્ જીવન જીવવા અનાયાસે જ પ્રેરાઈયે છીએ.

તો જેમ પાણીનો સ્વભાવ ઉપરથી નીચે તરફ અધોગતિ કરવાનો છે, તેમ અગ્નિનો સ્વભાવ નીચેથી ઉપરની તરફ ઊર્ધ્વગતિ કરવાનો છે. ચૂલાની, ગૅસનો, દીપકનો એમ સર્વની પણ અગ્નિઝાળા ઉપરની તરફ જ જાય છે. તે માટે કાંઈ પ્રયત્ન કરવો પડતો નથી, તે તો આપ મેળે જ ઉપરની તરફ જાય છે. જ્વાળાને નીચેની તરફ કરવી હોય તો જ પ્રયત્ન કરવો પડે છે. વળી, અગ્નિ પોતાના સંસર્ગમાં આવનાર સર્વેને પોતામય જ — અગ્નિમય જ બનાવી દે છે. તે પોતે કોઈનામય બનતો નથી. તેમાં ઝેર-અમૃત-વિષ્ટા જે કાંઈ પણ નાખવામાં આવે તેનાથી અગ્નિ સ્હેજ પણ લોપાતો નથી, પરંતુ તે સર્વેને તે પોતામય બનાવી દે છે. આપણે પણ આપણો સ્વભાવ પાણી જેવો નહીં પરંતુ અગ્નિ જેવો કેળવવાનો છે. આપણે સભાનતા અને સાવધાનીપૂર્વક એવું સાત્ત્વિક જીવન સતત જીવવું જોઈએ કે જેથી જન્મમરણના ચકરાવામાં ફંગોળાવારૂપી અધોગતિ તરફ જઈએ નહીં, પરંતુ તેમાંથી મુક્ત થઈ મોક્ષરૂપી સનાતન સુખને પામવા માટેના કલ્યાણમાર્ગમાં ઊર્ધ્વગતિ કરીએ. વળી, આપણે એવું સાત્ત્વિક જીવન જીવીએ કે જેથી આપણા સંસર્ગમાં આવનાર સૌકોઈ માટે પ્રેરણારૂપ બનીએ, જેનામાં કલ્યાણમાર્ગમાં આગળ વધી મનુષ્યજન્મ સાર્થક કરવાની ખેવના છે, તેના ઉત્સાહમાં વધારો થાય. વળી, જે કોઈ આવી સમજણથી વિમુખ છે, તેવા અજ્ઞાની લોકો પણ મનુષ્યજન્મની અગત્યતા સમજી સનાતનસુખને પામવા માટે પુરુષાર્થ કરવા પ્રેરાય. વળી, આપણે સાત્ત્વિક જીવન એટલી તો દૃઢ નિષ્ઠાપૂર્વક જીવતા હોઈએ કે જેથી આપણા સંસર્ગમાં કોઈ પણ પ્રકારની અસાત્ત્વિકતા આવે, તો તેની અસર આપણને લેશમાત્ર ન થાય. આપણે તો જીવનમાં મોક્ષરૂપી મુખ્ય ધ્યેયને પામવા માટે સતત સાત્ત્વિક જીવન મક્કમતાપૂર્વક જીવી કલ્યાણમાર્ગમાં અવિરત આગળ વધતાં જ રહીએ. તે માટે જ પરમાત્માએ આપણી ઉપર અહૈતુકી કૃપા કરી મનુષ્યજન્મ આપ્યો છે.

કુલ ચોર્યાસી લાખ જુદા-જુદા યોની-અવતાર છે. તેમાં છેલ્લી ચોર્યાસી લાખમી યોની એ મનુષ્યજન્મ છે. આગળની બધી યોનીમાં ફરતા ફરતા અનંત દુઃખો ભોગવતા છેવટે ચોર્યાસી લાખમી યોનીમાં મનુષ્યજન્મ પ્રાપ્ત થયો છે. તે એળે ન જાય તે માટે સતત સાવધાન રહેવાનું છે. જો એળે ગયો તો પાછા ચોર્યાસી લાખના ચકરાવામાં ફરવું પડશે. આપણા જીવનમાં આવું ન થાય તે માટે આ સનાતન સત્યને સતત સ્મરણમાં રાખી તેને અનુરૂપ સાત્ત્વિક જીવન જીવવા પ્રેમ અને સમજણપૂર્વક અવિરત પુરુષાર્થ કરવો જ જોઈએ.

પરમ્ કૃપાળુ ઓમ્‌પરમાત્માની અનંતકૃપાના ફળસ્વરૂપ આપણને મનુષ્ય જન્મ પ્રાપ્ત થયો છે. આનાથી બીજી મોટી ભેટ-કૃપા કઈ હોઈ શકે ! આપણને મન-બુદ્ધિ-ઇન્દ્રિયો-હાથ-પગ વગેરે આપીને તો કૃપા કરી જ છે, પરંતુ આપણને મગજ આપીને તો સવિશેષ કૃપા કરી છે. આપણે જોઈએ છીએ કે

કૉમ્પ્યૂટરમાં કેટલી બધી સગવડ-જાણકારી ભરી દીધી છે. એક સ્વિચ દબાવો અને દુનિયાભરની જાણકારી અલ્પસમયમાં જ ઘરે બેઠાં મળી જાય છે. આ બધી જાણકારી જે-તે સ્થળે ફરીને મેળવવાનો પ્રયત્ન કરીએ તો આયુષ્ય ખૂટી જાય, પરંતુ બધી જાણકારી પ્રાપ્ત કહી શકીએ નહીં તે એક મિનિટમાં કમ્પ્યૂટર દ્વારા મળી જાય છે. તો આ કમ્પ્યૂટર બનાવ્યું કોણે ? મનુષ્યે પોતાના મગજ દ્વારા બનાવ્યું, તેથી ભગવાનની અતુલ્ય ભેટ રૂપી મળેલ મગજ એ કમ્પ્યૂટરનો પણ બાપ છે. પરમાત્માએ આપણી ઉપર અનંતકૃપા વરસાવતાં આવું અદ્‌ભુત શરીર આપણને આપ્યું છે. તો તે શરીરના માધ્યમ દ્વારા આપણે કાયમ માટે જન્મ મરણરૂપી માત્ર ને માત્ર દુઃખદાયક ચોર્યાસીના ચક્કરમાંથી છૂટી આત્યંતિક અર્થાત મોક્ષરૂપી અમૃત પ્રાપ્ત કરી કલ્યાણકારી ઊર્ધ્વગતિ કરવાની છે, નહીં કે મૃગજળ સમાન ભ્રામક ક્ષણભંગુર ભૌતિક સુખોને પ્રાપ્ત કરવાની ઝંખનામાં દારુણ દુઃખદાયક જન્મ-મરણના ચકરાવામાં ફરતા રહેવારૂપી ઝેર પ્રાપ્ત કરી અકલ્યાણકારી અધોગતિ કરવાની. આપણે અમૃત પ્રાપ્ત કરવું કે ઝેર એ આપણે પોતાએ જ નક્કી કરવાનું છે. મોટા ભાગે ચોવીસે કલાક અને બારે માસ મોટા ભાગનો સમય સૌ દુનિયાદારીના વહેવાર-પ્રપંચમાં રચ્યાપચ્યા રહેતા હોય છે, તેથી મનુષ્ય જન્મની સાર્થકતાની વાત ભુલાઈ જાય છે. જોકે આ ભૌતિકપ્રધાન સમાજમાં રહેતા મોટા ભાગનાને તો મોંઘેરો મનુષ્યજન્મ પ્રાપ્ત થયો છે, તો આજન્મે જ મુખ્ય શું પ્રાપ્ત કરવાનું છે, તેની ખબર જ નથી હોતી. જેને ખબર છે, તેઓ પણ વહેવાર-પ્રપંચની લપેટમાં લપટાઈ આ વાત વીસરી જતા હોય છે. જીવનમાં આવું ન થાય, સાચી દિશામાં આગળ વધવાને બદલે અજ્ઞાનતાવશ ખોટી દિશાએ ચડી જઈ ભટકી ન જઈએ, તે માટે આવા સર્વ જીવ હિતાર્થેના સાત્ત્વિક-આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન જરૂરી છે. આવા કાર્યક્રમોમાં પ્રેમ, નિષ્ઠાપૂર્વક ઉપસ્થિત રહી સદ્‌ગુરુની કૃપાસ્વરૂપ મનુષ્યજન્મ સાર્થક કરવા માટે જે અતિ ગુહ્ય રહસ્યોને સમજાવતી અનુભવયુક્ત સાચી સમજણરૂપી સદ્‌બોધ આપવામાં આવે, તેને બરોબર સાંભળી-સમજી સાવધાન થઈ જઈએ. જેથી જો ખોટી દિશામાં જતાં હોઈએ તો ત્યાંથી પાછાં ફરી સાચી દિશામાં આગળ વધી શકીએ. પરંતુ મનુષ્યજન્મ સાર્થક કરવા માટેની પ્રેરણા આપતી આવી અમૂલ્ય તક મળતી હોય અને તેને આપણે ઝડપી લઈએ નહીં તો મહા કમભાગી કહેવાઈએ. આપણે આવા કાર્યક્રમમાં ઉપસ્થિત તો રહીએ છીએ. આપણી ઉપસ્થિતિ માત્ર શરીરથી હોય છે, મનથી નહીં. આપણે કોઈની શરમે ભરમે કે માત્ર દેખાડો કરી વટ પાડવા કે હુંશાતુંશીથી ઉપસ્થિત રહીએ. પરંતુ આપણું મન તો તે સમયે ક્યાંય વહેવાર-પ્રપંચમાં રમમાણ હોય. તો આપણી સ્થિતિ કેવી થાય છે? તે માટે કહ્યું છે કે

'બાવાના તો બેય બગડ્યા, ના માયા મીલિ ના રામ' આવા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાથી જે સાત્ત્વિક-કલ્યાણકારી લાભ મળવો જોઈએ, તે પણ આપણને મળતો નથી કે વહેવારનો લાભ પણ મળતો નથી. આપણે બેય લાભથી વંચિત રહીએ છીએ, તેથી આપણે આવા કાર્યક્રમમાં ઉપસ્થિત રહીએ ત્યારે તેમાં એકાકાર ઓતપ્રોત થઈ જઈએ, તો જ તેનો સાચો લાભ મળે. આવા કાર્યક્રમમાં મનુષ્યજીવન સાર્થક કરવા માટે અનિવાર્ય મૂળ પાયાની સમજણ ગુરુજનો કૃપા કરીને આપે છે, તેને ધ્યાનપૂર્વક સાંભળી તેની ઉપર ખૂબ જ ચિંતન-મનન કરી તે મુજબ પુરુષાર્થ કરવામાં લાગી જવાનું. તેમાં સહેજ પણ આળસ રાખવાની નહીં. આવા કાર્યક્રમોમાં પ્રેમપૂર્વક તન-મનથી નિષ્ઠાપૂર્વક ઉપસ્થિત રહી, ગુરુજનોની સદ્‌બોધવાણીને એકાગ્રતાપૂર્વક સાંભળી આપણે આપણા જીવનનું ધ્યેય - ઉદ્દેશ્ય સમજણપૂર્વક નક્કી કરી લેવાનો છે. આપણે આજન્મે શું પ્રાપ્ત કરવું છે ? જગતનાં ભૌતિક સુખ-સાહ્યબી-ઐશ્વર્ય અને તે દ્વારા મળતાં ક્ષણિક-મૃગજળ સમાન આભાસી સુખો મેળવવાં છે કે જે સુખો અંતે તો પારાવાર દુઃખને આપનારાં જ છે કે પછી શાશ્વત-સનાતન-અક્ષયસુખને પ્રાપ્ત કરવું છે, જે ક્યારેય દુઃખમાં પરિણમતું નથી. સદાય સુખ જ રહે છે. કમભાગી લોગો ક્ષણભંગુર ભૌતિક સુખોને પામવાની ઘેલછામાં જન્મ-મરણના ચકરાવે ચડી અનંત દુઃખોને જ પામે છે. જ્યારે વિવેકીજનો શાશ્વત સુખને પામવામાં જ જન્મની સાર્થકતા માને છે. આપણે પણ સૂક્ષ્મ વિવેકબુદ્ધિથી નક્કી કરી લેવાનું છે કે આવાં દુઃખદાયક ભૌતિક

સુખો નથી જોઈતાં કે જે જન્મ-મરણના ચકરાવે ચડાવે છે, પરંતુ માત્ર ને માત્ર અખંડ-સનાતન-શાશ્વત સુખ જ જોઈએ છે, કહ્યું છે ને કે –

"પીઉં તો ગંગાજળ નહીંતર રહું તરસી."

જોઈએ તો માત્ર મોક્ષનું જ સુખ બીજું કોઈ જ સુખ જોઈએ નહીં. સકામ સત્‌કર્મના ફળસ્વરૂપ અમુક સમય પૂરતું સુખ પ્રાપ્ત થાય એમ નહીં. પરંતુ એક અને અખંડ અક્ષય સુખની પ્રાપ્તિ થાય. આવાં અમોઘ ફળને પ્રાપ્ત કરવા તમે સૌ આવા સર્વ જીવ હિતાર્થેનાં નિષ્કામકર્મ સતત કરી રહ્યાં છો. પરમ્‌કૃપાળુ ઓમ્ પરમાત્માની કૃપાથી તમારાં સૌમાં આવી અમૂલ્ય સાચી સમજણનું બીજારોપણ વર્ષોથી સતત થઈ રહ્યું છે. મગજ એ તો કૉમ્પ્યૂટરથી કંઈ કેટલી ઘણી વિશેષ ક્ષમતા ધરાવે છે. તેમાં આ બધું સંગ્રહ થઈ રહ્યું છે. યોગ્ય સમયે સૌમાં તે અવશ્ય અંકુરિત થશે જ.

ફરીફરી પરમકૃપાળુ ઓમ્‌પરમાત્માને હૃદયપૂર્વક પ્રાર્થના કરીએ છીએ કે મનુષ્યજન્મ સાર્થક કરવા માટેનો સૌનો ઉત્સાહ અખંડ રાખજો, અમારે બીજું કાંઈ નથી જોઈતું. તમે પરમ કૃપા કરીને બીજું સઘળું તો આપી જ દીધું છે. આપવામાં કાંઈ જ બાકી રાખ્યું નથી. હવે આટલી કૃપા કરો કે મનુષ્યજન્મ સાર્થક કરવાનો અમારો ઉત્સાહ-પ્રેમ-પુરુષાર્થ અખંડ રહે, તેનો ભંગ થાય નહીં. મુખ્ય ધ્યેયને આજન્મે જ પામી જન્મ સાર્થક કરી શકીએ. સદ્‌ગુરુજનો દ્વારા આ બધી સાચી સમજણની પરમ્‌કલ્યાણકારી જે શીખ-સદ્‌બોધ મળે છે, તે જ સાચો ગુરુમંત્ર છે, ગુરુદીક્ષા છે આ રીતે સૌ દીક્ષિત થઈ જ રહ્યા છો. આપણે સૌ દિક્ષિત જ છીએ. જરૂરત છે આ સદ્‌બોધનું સહેજ પણ વિસ્મરણ ન થાય. ગુરુમંત્ર અને ગુરુદીક્ષાને સાચા અર્થમાં આમ સમજવાની છે. કંઠી બંધાવવી, કાનમાં મંત્ર ફૂંકાવવો, પંચકેશ ભગવાં કે સફેદ વસ્ત્ર ધારણ કરવાં તે બધી લૌકિકક્રિયા છે. તે કર્યા પછી પણ જો સનાતનસુખ પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છાશક્તિ અને તેને અનુરૂપ પ્રચંડ પુરુષાર્થનો જીવનમાં અભાવ હોય, તો દીક્ષિત થઈએ કે ન થઈએ બધું જ સરખું છે. આપણે તો લૌકિકથી ઉપર ઊઠી અલૌકિક સમજણ પ્રાપ્ત કરવાની છે. ગુરુસત્‌બોધને ધ્યાન અને સમજણપૂર્વક સાંભળી યથાર્થરૂપે જીવનમાં ઉતારી તે રીતનું જીવન જીવવા સતત પુરુષાર્થ કરવાનો છે. સતત સ્મરણમાં રાખવાનું છે કે મારો જન્મ ક્ષણિકસુખની પ્રાપ્તિ માટે નહીં, પરંતુ સનાતન-શાશ્વતસુખની પ્રાપ્તિ માટે થયો છે, તેથી આવી સમજણ મુજબ જીવન જીવવાનો નિષ્ઠાપૂર્વક સતત પુરુષાર્થ કરવાનો છે. તે માટે ગુરુ-સંતો સદ્‌બોધ દ્વારા આપણને સતત સહાય કરી રહ્યા જ છે. આપણી ઉપર અહૈતુકી કૃપા સતત વરસાવી જ રહ્યા છે. તેને ઝીલી જીવનમાં તેનો અમલ સભાનપણે ધીરજ અને પ્રેમપૂર્વક કરવો જોઈએ.

આ બધો પુરુષાર્થ તન અને મનથી કરવો જોઈએ. તન અને મન એકબીજાં સાથે જોડાયેલાં છે. જો તન પુષ્ટ હશે, તો મન પણ તાજગીભર્યું ઉત્સાહિત રહેશે, પરંતુ જો તન અસ્વસ્થ હશે, તો મન પણ નિરુત્સાહી રહેશે. માટે તનને પુષ્ટ રાખવા માટે સાવધ રહેવાનું છે, તેથી તેને અનુરૂપ ભોજન કરવાનું છે. આમ, ભોજનની અનિવાર્યતા ભજન માટે છે. ભજન એટલે નિષ્કામ સત્‌કર્મોનું આચરણ, જેના દ્વારા સનાતનસુખની પ્રાપ્તિ કરવાની છે. તે માટે જીવનભર અખંડ ઉત્સાહ ટકાવવો અનિવાર્ય છે. તે ત્યારે જ ટકે કે જ્યારે શરીર પુષ્ટ હોય, તેથી ધ્યાન રાખવાનું કે ભોજન આરોગ્યપ્રદ, સાદું, સુપાચ્ય હોય. માત્ર સ્વાદ માટે બિનઆરોગ્યપ્રદ ગમે તેવું ભોજન કરવું જોઈએ નહીં. જો આવું ભોજન કરીશું, તો તેના દ્વારા મળતાં સ્વાદરૂપી ક્ષણિકસુખ પ્રાપ્ત થશે. પરંતુ શરીર ક્ષીણ-નિર્બળ-અસ્વસ્થ-નિરુત્સાહી અને આળસું થઈ જશે. તેથી સનાતનસુખને પામવા માટેનો આપણો ઉત્સાહ ભાંગી પડશે, જેથી યથાર્થ પુરુષાર્થના અભાવે જન્મ સાર્થક થવાના બદલે એળે જશે. આપણા જીવનમાં આવું ન થાય તે માટે સારી રીતે ભજન કરવા માટે અનિવાર્ય યોગ્ય ભોજન પ્રત્યે બેદરકાર ન રહેતા સનાતનસુખને પામવા માટે સહાયક થાય તેવું સમજણપૂર્વક ભોજન કરવાનું છે. તો જ મનુષ્યજન્મ સાર્થક કરી શકીશું.

પરમકૃપાળુ ઓમ્‌પરમાત્માની અવિરત કૃપાથી મનુષ્ય જન્મની સાર્થકતા જેમાં રહેલી છે, તે સનાતનસુખ રૂપી મોક્ષને પામવા માટેની ઘણી જ સમજણની પ્રેરણાદાયી વાતો થઈ. પરમાત્માને પ્રાર્થના કરીએ કે આપ અમારાં સૌ ઉપર એવી

કૃપા કરજો કે જેથી તેને બરાબર સમજી જીવનમાં અખંડ ઉત્સાહ અને નિષ્ઠાપૂર્વક જીવનમાં ઉતારી મનુષ્યજન્મ સાર્થક કરી શકીએ.

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય, તો જ આપણી જય.

ઓમ્ નમઃ પાર્વતિ પતયે હર હર મહાદેવ હર.

ફરી ફરી સર્વેને વંદન-અભિનંદન-આશિષ-જયનારાયણ.

ઓમ્... ઓમ્.... ઓમ્....

# કેદારેશ્વર મહાદેવ મુકામે યોજાયેલ કાર્યક્રમમાં પ.પૂ. સદ્ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજનાં આશીર્વચન

તા. ૨૮-૧-૨૦૧૮, રવિવાર

સંકલન - શશિકાંત પટેલ

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય, તો જ આપણી જય.

આપણે સૌ જાણીએ જ છીએ કે ઓમ્પરિવારના આધ્યાત્મિક વડા પ.પૂ. સદ્ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજે પોતાનું સમગ્ર જીવન ઓમ્પરમાત્માને સમર્પિત કરેલ છે. હાલમાં પૂજ્યશ્રીને નેવુમું વર્ષ ચાલી રહ્યું હોવા છતાં પણ ઓમ્પરમાત્માની સતત પ્રેરણાને અનુરૂપ જીવજગતના કલ્યાણ માટે નિષ્કામભાવે સતત ભગીરથ પુરુષાર્થ કરી રહ્યા છે. પૂજ્યશ્રી આ જે કાંઈ કરી રહ્યા છે, તે ઓમ્પરમાત્માની પ્રીતિ અર્થેના નિષ્કામભાવથી જ કરી રહ્યા છે. હાલના ભોગપ્રધાન સમાજ વચ્ચે રહેવા છતાં પણ પૂજ્યશ્રી બચપનથી જ જળકમળવત્ રહી ત્યાગી જીવન જીવી રહ્યા છે. હાલમાં અવસ્થાને કારણે તબિયત નરમ-ગરમ રહેતી હોવાથી પૂજ્યશ્રી તેમના નિવાસસ્થાનેથી ક્યાંય બહાર જતા નથી. પરંતુ જ્યાં સુધી શરીર સ્વસ્થ હતુ ત્યાં સુધી પૂજ્યશ્રીએ સર્વ જીવ હિતાર્થે દેશ-વિદેશમાં ખૂબ જ વિચરણ કરેલ. તેના અનુસંધાનમાં ઈ.સ. ૧૯૮૦ની સાલમાં ઉત્કંઠેશ્વર મહાદેવની લગભગ સાત કી.મી. દૂર, વાત્રક નદીના કાંઠે, રહેણાંક વિસ્તારથી દૂર, એકાંત શાંત-રમણીય-પ્રાકૃતિક-પવિત્ર એવા કેદારેશ્વર મહાદેવના સ્થાનમાં ચાતુર્માસનું રોકાણ કરેલ. તે સમયે પૂજ્યશ્રીએ ત્યાં ખૂબ જ સાધન-ભજન-જપ-તપરૂપી મહાયજ્ઞ દ્વારા દૂર-દૂર સુધી વાતાવરણમાં દિવ્ય-સાત્ત્વિક-આધ્યાત્મિક પરમ્કલ્યાણકારી દિવ્યચેતનાની કરુણા વરસાવી હતી, જેના કારણે ત્યાંના પ્રત્યેક અણુ-અણુમાં આ દિવ્ય ચેતના હિલોળા લેતી હતી. પૂજ્યશ્રીના ચાતુર્માસના રોકાણ દરમિયાન ત્યાં સર્વજીવહિતાર્થેના જે આધ્યાત્મિક-અલૌકિક કાર્યક્રમોનું આયોજન થયેલું તે નીચે મુજબ છે :

૧. પ.પૂ. સદ્ગુરુદેવે ગાયત્રીમંત્રના સવાલાખ મંત્રનું એક એવા ત્રણ અનુષ્ઠાન તર્પણ-માર્જન વિગેરે સંપૂર્ણ વિધિ સહિત કરેલ.
૨. ચોવીસ કલાકનો ગાયત્રીમંત્રનો અખંડ જપયજ્ઞ કરવામાં આવેલ.
૩. બાર કલાકનો ઓમ્ નમઃશિવાય ઓમ્મંત્રનો જપયજ્ઞ કરવામાં આવેલ.
૪. દસ કલાકનો સંકટમોચન મંત્રનો જપયજ્ઞ કરવામાં આવેલ.
૫. બોંતેર કલાકનો ઓમ્ ગુરુ ઓમ્ મહામંત્રનો જપયજ્ઞ કરવામાં આવેલ.

અહીં એક ખાસ રજૂઆત કરવાની કે પૂજ્યશ્રી સર્વ જીવ હિતાર્થે જે કાંઈ અવિરત કરી રહ્યા છે તે પોતે સ્વતંત્ર રીતે કાંઈ જ કરતા નથી, પરંતુ પૂજ્યશ્રી ઓમ્ પરમાત્માના અનુશાસનમાં રહીને પરમ્ગુરુદેવ ઓમ્પરમાત્માની પ્રેરણા મુજબ જ સર્વ કાંઈ કરી રહ્યા છે. આ જ રીતે પરમ્કૃપાળુ ઓમ્પરમાત્માની પ્રેરણાથી જ પૂજ્યશ્રીએ સર્વજીવ-જગતના કલ્યામ્ માટે ભવસાગર તારક એવા 'ઓમ્ ગુરુ ઓમ્' દિવ્ય મહામંત્રને કેદારેશ્વરમાં પ્રથમ વાર જ અનુશાસિત કર્યો, જેથી તેમાં તદાકાર થનાર સૌ કોઈનું કલ્યાણ અવશ્ય થાય.

૬. ત્રણ દિવસના ગુરુપૂર્ણિમા-મહોત્સવનું આયોજન કરવામાં આવેલ.

આ ઉપરાંત શ્રી ગુરુધ્યાનભિક્ષુજી તથા ઉષાબહેનને પ્રાચીન ગુરુકુલની પરંપરા મુજબ પાતંજલ યોગદર્શનનું જ્ઞાન આપેલ.

પૂજ્યશ્રીએ પાતંજલ યોગદર્શન ઉપર સાદી-સરળ-લોકાભિમુખ શૈલીમાં જે વાર્તાલાપ કરેલ, તેનું ત્યાં ટેપરેકૉર્ડરમાં ટૅપ કરી કૅસેટો તૈયાર કરવામાં આવેલ. તેના ઉપરથી પછી 'ઓમ્‌પરિવાર ટ્રસ્ટે' સમાધીપાદ ઉપરથી "મુક્તા" અને સાધનપાદ્‌પરથી "શાન્તા" પુસ્તક પ્રકાશીત કરેલ છે. તેની સંતો-યોગીજનો મુમુક્ષુઓ તરફથી દેશ-વિદેશમાં ખૂબ જ પ્રસંશા થઈ રહી છે, તથા ખૂબ જ માંગ થઈ રહી છે. તથા દિન-પ્રતિદિન વધી રહી છે. કેદારેશ્વરમાં રોકાણ દરમિયાન ત્રણ ગાયત્રી-મારુતિયજ્ઞ કરવામાં આવેલ.

આ ઉપરાંત ત્યાં દરરોજ સ્વાધ્યાય-સત્સંગ-ભજન કરવામાં આવતાં હતાં. તથા ત્યાં દરરોજ પૂજયશ્રી કેદારેશ્વરમહાદેવના મંદિરમાં અભિષેક કરતા, તે સમયે ત્યાં ઉપસ્થિત સૌ કોઈને તેનો અમૂલ્ય લાભ પ્રાપ્ત થતો.

આ બધા જ અલૌકિક કાર્યક્રમોનો શ્રી ગુરુધ્યાનભિક્ષુજી તથા ઉષાબહેનને સંપૂર્ણ - સતત લહાવો પ્રાપ્ત થયેલો તથા જેતે સમયે ત્યાં જે અન્ય ભક્તો હાજર હોય, તેઓને પણ તે સમય પૂરતો લહાવો પ્રાપ્ત થતો.

હાલમાં પૂજ્યશ્રીએ નેવુમા વર્ષમાં શુભપ્રવેશ કરેલ છે, તે નિમિત્તે પરમ-કૃપાળુ ઓમ્‌પરમાત્માની અહૈતુકી કૃપાથી તથા પ.પૂ. સદ્‌ગુરુદેવના અનંત આશીર્વાદથી તેમનાં ભક્તો પ્રેમીજનોએ સમગ્ર નેવુમા વર્ષ દરમિયાન સર્વજીવ હિતાર્થે સાત્ત્વિક - આધ્યાત્મિક - કલ્યાણપ્રદ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા નિર્ધારિલ છે તથા તે મુજબ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તેના અનુસંધાનમાં તા. ૨૮-૧-૧૮ ને રવિવારે પૂજ્યશ્રીની તપોભૂમિ એવા નૈસર્ગિક-પવિત્ર કેદારેશ્વર મહાદેવના સ્થાનમાં ઓમ્‌પરિવારના ઉપક્રમે સ્વાધ્યાય-પર્યાવરણ પરિશુદ્ધિ તથા ગાયત્રી-મારુતિયજ્ઞ અને પૂજ્યશ્રીનાં આશીર્વચનના મંગલકારી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. તે પ્રસંગે પ.પૂ. સદ્‌ગુરુદેવે અપરંપાર કૃપા વરસાવી, જે આશીર્વચનની પાવનકારી-મોક્ષદાયી ગંગા વહાવી, તેને નીચે મુજબ રજૂ કરવાનો નમ્ર પ્રયત્ન કરવામાં આવેલ છેઃ

## આશીર્વચન

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય, તો જ આપણી જય.

ઓમ્ નમઃપાર્વતિ પતયે હરહર મહાદેવ હર.

સર્વેનું સ્વાગત - વંદન - અભિનંદન - આશિષ

તમે સૌ ખૂબ જ ભાગ્યશાળી છો. કેમકે અમે જ્યાં ચાતુર્માસરોકાણ કરી ખૂબ ખૂબ જપ-તપ-સાધન-ભજન કરેલ, એવી અમારી તપોભૂમિમાં આજે તમો સૌ પ્રેમપૂર્વક ઉપસ્થિત થઈ સર્વ જીવ હિતાર્થેના દિવ્ય-આધ્યાત્મિક - સાત્ત્વિક કાર્યક્રમનો અમૂલ્ય લહાવો લઈ રહ્યા છો. વળી, આ સ્થાન પણ કેટલું બધું પ્રાકૃતિક અને રમણીય છે, જેથી અમે તેને ગુજરાતનું કાશ્મીર કહેલું. વસ્તીથી દૂર, નદીનો કિનારો, મહાદેવજીના પુરાતન મંદિરનું સાંનિધ્ય, ચારે બાજુ ખીલી ઊઠેલી વનરાજી, પ્રદૂષણનું નામનિશાન નહીં એવા સંપૂર્ણ પવિત્ર અને નૈસર્ગિક વાતાવરણનો લાભ પણ સાથે સાથે માણી રહ્યાં છો. તે સમયે ચારે બાજુ અસંખ્ય ઝરણાં નીકળતાં અને તેનું પાણી ખળખળ વહેતું નદીમાં મળતું, પરિણામે નદીમાં બારેમાસ પાણી રહેતું. અમે જે વિશ્રામ-ભુવનમાં રહેલાં ત્યાં આગળથી એક ઝરણું વહેતું આવતું હતું. રાત્રિ દરમિયાન તેનો અવાજ ખૂબ જ આહ્‌લાદક લાગતો, તદ્‌ઉપરાંત મંદિરમાં પાછળના ભાગમાં આવેલ માટીના ડુંગરમાંથી ભૂગર્ભમાં જ એક ઝરણું વહેતું-વહેતુ આવતું અને શિવલિંગ ઉપર તેનો અભિષેક થતો. ત્યાંથી તે આગળ વધતું અને જ્યાં ગૌમુખ બનાવેલ તેમાંથી નાનકડા ધોધ રૂપે નીકળી નદીને મળતું. જ્યાં કોઈ ન જાય એવા ગીચ જંગલમાં ફરવા જતાં અને જ્યાંથી ગુપ્ત ઝરણાં નીકળતાં તેના ઉદ્‌ગમસ્થાન સુધી જતાં. ઝરણાંમાં નાના કાચબા દેખાય.

ઈ.સ. ૨૦૦૧માં ગુજરાતમાં જે મોટો ધરતીકંપ થયો, તેથી ત્યાં નીકળતાં બધા જ ઝરણાં લુપ્ત થઈ ગયાં. વહેલા પરોઢિયે નિરવ શાંતિમાં પક્ષીઓનો કલરવ સાંભળી મન પ્રફુલ્લિત થઈ જતું. અમે તે અવાજને ટેપ કરેલો. અમે જ્યાં રહેતાં તેની નજીકમાં એક મોટું ઘેઘૂર કેવડાનું વૃક્ષ હતું અને ચારે બાજુ માટીના ડુંગર હતા. તેની ઉપર ચારે બાજુ છોડ-ઝાડ ઊગેલાં તેની ડાળો ઉપર અસંખ્ય સુગરીના માળા લટકતા હતા. ત્યાં જઈને અમે સ્વાધ્યાય કરતાં. તે સમયે કેદારેશ્વરમાં વીજળીની સગવડ ન હતી. તો રાત્રિ દરમિયાન ઝાડીમાં અસંખ્ય આગિયા ઝબૂકતા તે જોવાનો ખૂબ જ આનંદ આવતો. ક્યારેક અમે વનભોજન કરવા પણ જતાં. અમારાં ચતુર્માસના રોકાણ દરમિયાન ઉષાબહેન સંપૂર્ણ રીતે રોકાયેલા તથા શ્રી ગુરુધ્યાનભિક્ષુજી દરેક માસની પૂનમ ઉપર બે દિવસ માટે ડાકોર જતા. તે સિવાય બાકીનો બધો સમય સતત અમારી સાથે જ રોકાયેલા. શશિકાંતભાઈનાં બંને બાળકો હેતાંગ અને આશિષ પણ લગભગ ત્યાં જ રોકાયેલાં. શશિકાન્તભાઈ પણ ઘણો બધો સમય રોકાયેલા. હર્ષદ માસ્તર તથા ઉષાબહેનના પિતાજી કાન્તિભાઈ પણ ત્યાં અમુક સમય રોકાયેલા. આ ઉપરાંત બહારગામથી ભક્તોની અવરજવર તો ચાલુ જ રહેતી. સૌકોઈના ભોજનની વ્યવસ્થા તથા અમારી અને હેતાંગ આશિષની સંપૂર્ણ જવાબદારી ઉષાબહેન સંભાળતાં. તે સમયે અમે અગ્નિસ્પર્શ વિનાનું ભોજન જમતાં, તો અમારા માટે તે રીતની ભોજનવ્યવસ્થા તે કરતાં ત્યાં જે કોઈ રહેતા તે સર્વે સંપૂર્ણ આશ્રમી જીવન જીવતાં. ત્યાં સૌ કોઈ પતિ-પત્ની-પિતા-ભાઈ વિગેરે દરેક પ્રકારના સાંસારિક સંબંધથી પર થઈને રહેતાં. ત્યાં દરેકે પોતાનું વ્યક્તિગત કામ જેમકે કપડા ધોઈ-સૂકવી વ્યવસ્થિત મૂકવાં કે બીજું જે કાંઈ હોય તે જાતે જ કરવાનું રહેતું. તદ્‌ઉપરાંત ત્યાં જે કોઈ પણ હાજર હોય, તેને દરેકને કામની જવાબદારી સોંપી દેવામાં આવતી. જેમકે કચરો વાળવો, અભિષેક માટે પુષ્પ એકઠાં કરવાં, સ્વાધ્યાય માટે પાથરણાં પાથરવાં શાક-ભાજી સીધુંસામાન લાવવું વિગેરે-વિગેરે... તે સમયે નદીકિનારે ટેટી-તડબૂચ-શાકભાજીની વાડીઓ હતી. અમે નદીકિનારે નિયમિત ફરવા જતાં તો તે વાડિઓવાળા પણ આપણા ખૂબ જ પ્રેમી થઈ ગયેલા. ક્યારેક તેમની વાડીમાં પણ જતા. તેઓ સારામાં સારી મીઠાં ટેટી-તડબૂચ અને શાકભાજી આવીને આપી જતા. અમે નિયમિત આજુબાજુ ફરવા જતાં તે સમયે ઉષાબહેન તથા ધ્યાનભિક્ષુજી સાથે હોય જ. દરરોજ દિવસ દરમ્યાન રસ્તામાં સાપ નજરે ચડે જ. ત્યાં હથેળી જેવા મોટા કાળાં વીંછી અને કરોળિયા પણ નીકળતા. પરંતુ પરમાત્માની કૃપાથી ક્યારેય કોઈને નુકસાન પહોંચાડ્યું ન હતું. અમે દરરોજ નદીકિનારે ફરવા જતા તો ઉતારા પાસે આવેલા નદીકિનારેથી લગભગ દોઢેક કિલોમીટર દૂર આવેલી મહાકાળીમાતાની દેરી સુધી ચાલતાં જતાં. ત્યાં પહોંચ્યાં પછી થોડી વાર બેસતા. પછી સાથે જ હોય તે સૌને ચાલતા પાછી જવાનું કહેતા અને અમે પ્લાવીની પ્રાણાયામ કરીને નદીના પાણી ઉપર સૂતાં સૂતાં પાછા ઉતારા પાસેના કિનારે પહોંચતા. બંને બાળક હેતાંગ અને આશિષ કે જેઓની ઉંમર તે સમયે અનુક્રમે નવ અને છ વર્ષ હતી, તેઓ પણ થોડો સમય પલાવીની પ્રાણાયામ કરીને પાણી ઉપર સુતા શીખી ગયેલા. તે બંનેને અમે ત્યાં નદીમાં તરતા પણ શીખવ્યું હતું. ત્યાં ચતુર્માસના રોકાણ દરમ્યાન પરમાત્માની કૃપાથી ખૂબ જ જપ-તપ કરી શક્યાં હતાં. સવા લાખનું એક એવા ગાયત્રીમંત્રના ત્રણ અનુષ્ઠાન કરેલાં. ત્રણ ગાયત્રી-મારુતી યજ્ઞ થયેલ. જુદા જુદા મંત્રોના જપયજ્ઞ થયેલ. ત્રણ દિવસની ગુરુપૂર્ણિમા-મહોત્સવની ઉજવણી થયેલ. આ ઉપરાંત નિયમિત સ્વાધ્યાય-સત્‌સંગ યોગદર્શન ઉપરનો વાર્તાલાપ-શિવલિંગ ઉપર અભિષેક કરતા. ધ્યાનભિક્ષુજી તથા ઉષાબહેને આપણી પ્રાચીન પરિપાટી મુજબ પાતંજલયોગદર્શનનું જ્ઞાન આપેલું. ચતુર્માસના રોકાણ દરમિયાન ઉષાબહેનના તથા ધ્યાનભિક્ષુજી અમારી સેવામાં ચોવીસ કલાક ખડે પગે હાજર રહેતા હતા. કેદારેશ્વરમાં ચતુર્માસના રોકાણ દરમિયાન અમદાવાદમાં ઉષાબહેનના દાદાનો સ્વર્ગવાસ થયો હતો, તો તેમના પિતાજી કાન્તિભાઈનો સંદેશો આવેલો કે તારે (ઉષાબહેનના) અમદાવાદ આવવાની જરૂર નથી. દાદાના સ્વર્ગવાસ નિમિત્તે પરિવારજનોએ વધુ ને વધુ સત્‌કર્મ કરવાં જોઈએ. તું ત્યાં સદ્‌ગુરુની સેવામાં છું. જે અતિ ભાગ્યશાળી હોય, તેને

મહાદુર્લભ એવી સદ્‌ગુરુની સેવાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત થતો હોય છે, જે તને ગુરુકૃપાએ મળ્યો છે. ગુરુસેવાથી વિશેષ સત્કર્મ ત્રણે લોકમાં બીજું એક પણ નથી. તો ત્યાં જ રહી ગુરુજીની પ્રેમપૂર્વક અથાક્ સેવા કર. તારે અહીં આવવાની જરૂર નથી. અહીં અમે બધા છીએ. ઉષાબહેન પણ તેમના દાદાનો સ્વર્ગવાસ થયો હોવા છતાં અમારી સાથે જ સેવામાં રોકાયેલાં. અમદાવાદ ગયાં ન હતાં. જીવનમાં ગુરુજીની તેમના સાંનિધ્યની તથા તેમની સેવા અંગેની કેટલી ઊંચી સમજણ અને નિષ્ઠા હોય, તો જ શક્ય બને. કેદારેશ્વરમાં ચાતુર્માસના રોકાણ દરમિયાન આજુબાજુનાં ગામોમાં આપણાં ઘણાં પ્રેમીઓ થયેલાં તેઓ આપણો ખૂબ જ સાત્ત્વિક ભાવથી આદર-સત્કાર કરતા. કેદારેશ્વરની બાજુમાં આવેલ તેલનાર ગામમાં પ્રતિષ્ઠિત એવાં ઘણા આપણાં પ્રેમી થયેલાં. અમે પ્રથમ વાર અમેરિકા જઈને પાછા આવ્યાં પછી થોડા દિવસો માટે કેદારેશ્વર જવાનું થયેલું. તે સમયે તેલનાર ગામની સરકારી પ્રાથમિક શાળાના હેડમાસ્તર દલાભાઈ અમને કહેતા કે "બાપુ, તમે દુનિયામાં ડંકો વગાડી દીધો."

ત્યાં તમે સૌ મંદિરમાં કેદારેશ્વરદાદાના દર્શન કરવા જજો. ત્યાં જે શિવલિંગ છે, તે અણઘડ છે. આપણે ગુરુમહિમામાં ગાઈએ છીએ ને કે 'અણઘડ દેવના અજબ તમાશા'. તો ત્યાં મંદિરમાં અણઘડ દેવ બિરાજેલ છે. પાછા વળતા રસ્તામાં ઉત્કંઠેશ્વર મહાદેવ આવશે, ત્યાં જજો. ત્યાં શિવલિંગના સ્થાનમાં પાતાળમાંથી પાણી આવીને લીંગને અભિષેક કરે છે. ઉત્કંઠેશ્વરમાં આવેલ વાનપ્રસ્થાશ્રમમાં પણ અમે અમુક સમય સુધી રોકાયેલાં. કેદારેશ્વરમાં અમે શેઠ ભગુભાઈ ચંદુભાઈના વિશ્રામભુવનમાં રોકાયેલાં. તેઓ દ્વારા જ સંચાલિત તેઓનો ઉત્કંઠેશ્વરમાં વૃદ્ધાશ્રમ આવેલો છે. ત્યાંનું સંચાલન તેનાં માલિક શારદાબા કરતાં હતાં. તેઓએ જ્યારે જાણ્યું કે કેદારેશ્વરમાં એક સંત પધારેલ છે અને વિશ્રામભુવનમાં રહી ખૂબ જ તપ કરી રહ્યા છે. તો તેઓએ સંદેશો મોકલેલો કે આપ કહો તો આશ્રમ બનાવી આપીએ, તો કાયમ માટે રોકાઈ જાઓ. પછી રસ્તામાં વહેલાલ ગામ આવે છે. ત્યાં માતાજી અનંતાનંદજીનો આશ્રમ આવેલો છે. માતાજીને ઓમ્‌પરિવાર માટે ખૂબ જ સદ્‌ભાવ છે. પહેલાં તો ક્રિશ્નાબહેન ત્યાં આશ્રમમાં જ માતાજીને સમર્પિત થઈને રહેતાં હતાં. ત્યાં તેમણે પોતાને રહેવા પૂરતું નાનું મકાન પણ બનાવેલ. પરંતુ અવસ્થા અને નરમ-ગરમ તબિયતના કારણે હાલમાં તેઓ ત્યાં રહેતાં નથી. ત્યાં કરાડો રૂપિયાના ખર્ચે પારાનું શિવલિંગ બનાવીને તેની સ્થાપના કરી છે. તેના દર્શન કરજો. વળી, માતાજી ખૂબ જ સેવાભાવી છે. તેઓ આયુર્વેદથી કૅન્સરના દર્દીઓનો ઇલાજ કરે છે. તે માટે ત્યાં તેમણે રિસર્ચસેન્ટર પણ બનાવેલ છે, તો સૌ સમયની અનુકૂળતા પ્રમાણે જવાનો પ્રયત્ન કરજો.

આ બધી વાતો કરવા પાછળનો મુખ્ય આશય એ રહેલો છે કે લોકો જાણતાં ના હોય તે સૌને જાણ થાય અને તેથી આનંદ થાય.

તો, અમારા નેવુંમા વર્ષમાં શુભપ્રવેશ નિમિત્તે પરમાત્માની કૃપાથી તમે સૌએ સર્વજીવહિતાર્થેની નિષ્કામ શુભભાવનાથી પ્રેરાઈને જે વિવિધ સાત્ત્વિક-આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન સમગ્ર નેવુમા વર્ષ દરમિયાન કરવા નિર્ધારેલ છે, તેના અનુસંધાનમાં કેદારેશ્વરમાં અમારી તપોભૂમિમાં કાર્યક્રમની ઉજવણી માટે આજે તમે સૌ ઉપસ્થિત થઈ તેનો અમૂલ્ય લહાવો લઈ રહ્યાં છો, તે માટે તમે સૌ ખૂબ જ ધન્યવાદને પાત્ર છો. નિષ્કામભાવે સર્વ જીવ હિતાર્થે બધું જે કાંઈ પ્રેમ-ઉત્સાહ-સંપથી કરી રહ્યાં છો, તો તેમાં તમારાં સૌનું કલ્યાણ પણ અનાયાસે જ સધાઈ રહ્યું છે. કેમકે તમારાં સૌનાં પણ જીવજગતમાં જ સમાવેશ થઈ જાય છે. જેઓના હૃદયમાં સર્વ જીવ-જગતનું કલ્યાણ કરવાની નિષ્કામ, તીવ્ર સદ્‌ભાવના સદાય છલકાતી હોય છે, તેવા કલ્યાણપથના પથિક કે જે ખરેખર બુદ્ધિશાળી છે, તેઓ તો આવી તકનિમિત્ત મળે તો તરત જ ઝડપી લેતાં હોય છે. અને વધારાના આવા નિમિત્ત ઉભા કરતાં હોય છે. પરંતુ જે અલ્પબુદ્ધિ છે, બુદ્ધિના બુઠાં છે તેવાં લોકો તો સામે આવેલી તકને પણ ખોઈ નાંખે છે. કલ્યાણવાંચ્છુ એવાં તમે સૌએ પણ અમારા સમગ્ર નેવુમા વર્ષને સર્વ જીવ હિતાર્થેની શુભ ભાવનાથી વિવિધ આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન કરવા નિર્ધારી તે સુંદર રીતે કરી રહ્યા છો તે બદલ ખૂબ ખૂબ આશિષ. આખા વર્ષ દરમિયાન જુદાં જુદાં

સ્થળે આવા કલ્યાણકારી કાર્યક્રમોનું સતત આયોજન કરી તેમાં પ્રેમપૂર્વક ઉપસ્થિત રહેવાથી એકબીજાં સાથે સતત મળવાનું થાય, તેથી પરસ્પર નિઃસ્વાર્થ આત્મીયતામાં વધારો થાય. તદ્ઉપરાંત ચોર્યાસી લાખ યોનિમાં ફરતાં ફરતાં અને અતિ દારુણ દુઃખ-યાતના ભોગવતાં-ભોગવતાં અંતે પરમાત્માની કૃપાથી જે ચોર્યાસી લાખોમાં મહા મોંઘેરાં મનુષ્યજન્મ પ્રાપ્ત થયો છે, તે સાર્થક કેમ થાય અને એળે ન જાય, તે માટેની યાદ સતત તાજી રહે. કેમકે સૌ કોઈને સંસારવહેવારના પ્રપંચમાં વધારે રહેવાનું થતું હોય છે, તેથી મનુષ્ય જન્મ પ્રાપ્ત થયો છે, તો તેમાં શું પ્રાપ્ત કરવાનુ છે તેનું વિસ્મરણ થઈ જતું હોય છે. વહેવારપ્રપંચમાં વધુ સમય રહેવાના કારણે મને કે કમને સારા-નરસા કર્મ અનાયાસે જ થઈ જતાં હોય છે. જેની પાછળ દુઃખ આવતું જ હોય છે, તેવા ક્ષણિક સુખને પ્રાપ્ત કરવા માટે મોટા ભાગનું જીવન વેડફાઈ જાય છે. ફળસ્વરૂપ ફરી જન્મમરણના ચોર્યાસીના ચક્કરમાં ફરતાં થઈ જઈએ છીએ અને વારંવાર ગર્ભવાસમાં રહેવું પડે છે અને જન્મ ધારણ કરી ભોગપ્રધાન જીવન જીવતા દારુણ દુઃખના દાવાનળમાં શેકાતાં રહીએ છીએ. તો, મનુષ્યજન્મ પ્રાપ્ત થયો છે, તો તેમાં મુખ્ય શું કરવાનું છે કે જેથી ગર્ભવાસમાં આવવું જ પડે નહીં ? જો ગર્ભવાસમાં આવવું પડે નહીં, તો જન્મમરણનો ચકરાવો રહે નહીં. જો જન્મમરણ જ રહે નહીં તો પછી દુઃખ સદંતર નામશેષ થઈ જાય. પછી કેવળ સુખની જ પ્રાપ્તિ થાય કે જેને સનાતનસુખ-આત્યંતિક સુખ કે મોક્ષ કહેવામાં આવે છે, આ અમોઘ પ્રાપ્તિ અને તે માટે જીવનમાં જરૂરી કરવો પડતો પુરુષાર્થ મનુષ્યજીવનમાં જ શક્ય છે. મનુષ્ય જો ધારે તો મોક્ષપ્રાપ્તિ માટે દૃઢ ઈચ્છાશક્તિ રાખી તે માટે યથાર્થ પુરુષાર્થ કરી તેને પ્રાપ્ત કરી શકે છે. બાકીની બધી જ યોની માત્ર ભોગપ્રધાન છે, તેથી મનુષ્યયોનિને શ્રેષ્ઠ કહી છે. તેથી હયાત જન્મમાં મનુષ્યે સત્ય અને ધર્મની રાહે સંયમનિયમવાળું જીવન જીવી વધુમાં વધુ નિષ્કામ સત્કર્મોના આચરણ દ્વારા એટલું તો પુન્યનું ભાથું ભેગું કરવાનું કે જેથી આ જન્મે જ મોક્ષની પ્રાપ્તિ થાય, મનુષ્યજન્મ સાર્થક થાય. આવા કલ્યાણકારી કાર્યક્રમોનાં આયોજન કરવાથી અને તેમાં પ્રેમપૂર્વક ઉપસ્થિત રહેવાથી જીવનમાં મુખ્ય અને અનિવાર્ય સાચી સમજણની વાત સતત તાજી રહે, જેથી સંસારના વહેવાર-પ્રપંચમાં વધારે રહેવાનું હોવાથી તેનું વિસ્મરણ ન થાય. આ જન્મે જ યથાર્થ અવિરત પુરુષાર્થ કરી મનુષ્યજન્મ સાર્થક કરી શકીએ. આપણા ઓમ્‌પરિવારના દરેક કાર્યક્રમમાં સાચી સમજણને આ વાત ભારપૂર્વક સતત કરીએ છીએ. મનુષ્યજન્મ પ્રાપ્ત થયો, તો તેને સાર્થક કરવાનો છે. જન્મ એળે ન જાય તે માટે સતત જાગૃત રહેવાનું છે. કાંચનના બદલે કાચ ન લઈએ, તેનું ધ્યાન રાખવાનું છે. સંસારના વહેવાર-પ્રપંચનાં જે કાર્યો કરવા જ પડે તેમ હોય તે બરાબર કરવાનાં પણ તેને ગૌણ સમજવાનાં મુખ્ય તો મનુષ્યજન્મ સાર્થક કરવાનો પુરુષાર્થ અને તેને અનુરૂપ જીવન જીવવાને સમજવાનું છે.

શ્રી કૃષ્ણે અર્જુનને બોધ આપતા કહ્યું છે કે –

**"સંસારમાં સરસો રહે, એનુ મનડું મારી પાસ;**
**શ્રી કૃષ્ણ અર્જુનને કહે, એને સમજુ મારો દાસ."**

સંસારમાં મનુષ્યે સ્વાર્થ અને પરમાર્થ બેય બરાબર નિભાવવાનાં છે. વહેવાર એટલે આપણી સાથે જોડાયેલા સર્વે પ્રત્યેની આપણી જે કાંઈ જરૂરી ફરજો નિભાવવાની હોય તે. આમ, સંસાર વહેવારમાં ખાંડાની ધાર ઉપર રહેવું જોઈએ. તેમાં પાછીપાની કરવી જોઈએ નહીં. તેમાં જરા પણ ચૂક ન થાય. તેનું ધ્યાન રાખવું જોઈએ. પરંતુ સાથે-સાથે પરમાર્થધર્મ એટલે કે મનુષ્યજન્મની સાર્થકતા જેમાં રહેલી છે, તે આત્યંતિક સુખરૂપી મોક્ષને આજન્મે જ પ્રાપ્ત કરવા માટે જરૂરી નિષ્કામ સત્ કર્મોનું આચરણ. તે પણ એવી જ ચીવટપૂર્વક કરવું જોઈએ. આમ જીવનમાં વહેવાર અને પરમાર્થ બેય બરાબર નિભાવવાં જોઈએ. પરંતુ એ વાતનું સતત સ્મરણ રાખવું જોઈએ કે જીવનમાં વહેવારધર્મ ગૌણ છે અને પરમાર્થધર્મ વિશેષ રૂપે છે. તેથી પરમાર્થના ભોગે વહેવાર સાચવવાનો નહીં. સંસારમાં વહેવારની ફરજો અદા કરતાં કરતાં પણ જળકમળવત્ રહેવું જોઈએ. કમળ પાણીમાં થાય છે, પરંતુ કમળને પાણી સ્પર્શતું નથી. કમળ ઉપર પાણી પડે, તો દડદડી જાય છે. જો તેમ થતું ન હોત અને કમળને પાણી સ્પર્શી શકતું હોત તો કમળ સડી જાત. પછી તે કોઈ જ કામનું રહેત નહીં. આમ, સંસારમાં રહેવા છતાં પણ સંસારનાં મોહ-માયા-પ્રપંચ આપણને

સ્પર્શે નહી તેવું જીવન જીવવું જોઈએ. જો તેવું જીવન જિવાય નહીં તો મોહ-માયા-પ્રપંચમાં આપણે એવા તો લપેટાઈ જઈએ કે જેથી મનુષ્યજન્મનો મુખ્ય ધ્યેય-ઉદ્દેશ્ય વિસરાઈ જાય. પરિણામે મોક્ષરૂપી સનાતનસુખને પ્રાપ્ત કરવા માટે આપણે કાંઈ જ પુરુષાર્થ કરીએ નહીં અને મોહ-માયાવશ સંસારનાં આભાસી-મૃગજળ સમાન સુખો વધુ ને વધુ મેળવવા માટે જીવનભર દોડાદોડી કરતા રહીએ અને દુઃખી થતા રહીએ. આમ, સુખ તો મળે નહીં, પરંતુ અંતે માત્ર ને માત્ર દુઃખની જ પ્રાપ્તિ થાય. તો સંસાર વહેવારનાં ધર્મ-ફરજો નિભાવવા છતાં તેના મય ન થતાં તેનાથી અલિપ્ત રહેવું જોઈએ. આ વાતને સમજવા એક દૃષ્ટાંત જોઈએ.

કોઈ એક નાટકમાં મુખ્ય નાયકનું પાત્ર હોય. નાટકમાં તેનું નામ બીજું હોય અને વાસ્તવમાં તેનું નામ જુદું હોય. આમ, નાયક જુદાં જુદાં નાટકોમાં જુદાં જુદાં કેટલાંક પાત્રો ભજવતો હોય. દરેક વખતે તેનાં જુદાં જુદાં નામ હોય. પરંતુ તેને ખબર જ હોય કે નાટકમાં તેનાં જે જુદાં જુદાં નામો છે, તે નાટક પૂરતાં જ સીમિત છે, વાસ્તવમાં તો મારું નામ ફલાણું છે. હું ફલાણો છું.

આમ, સંસાર વહેવારમાં બધું કરવા છતાં મનથી તો નક્કી જ હોય કે આ બધું મારા માટે નકામું છે. આ બધું કરવું પડે છે, એટલે કરું છું. મુખ્ય જે કરવાનું છે, તે તો સનાતન સુખને પ્રાપ્ત કરવા માટેનું જ કરવાનું છે. તે માટે વધુ ને વધુ એવું યથાર્થ જીવન જીવું કે મનુષ્યજન્મ એળે ન જાય, સાર્થક થાય. આ વાતને સતત યાદ રાખવાની છે. આમ સંસારમાં રહેવા છતાં પણ તેનાં મોહ-માયા-પ્રપંચ આપણને સ્પર્શે નહીં એવું જળકમળવત્ જિવાય તો પરમાત્મા તેવું જીવન જીવનારને પોતાનો દાસ-સેવક માને છે. જ્યારે પરમાત્મા જ જેને પોતાનો સેવક માને તેનો ઉદ્ધાર નિઃશંક થઈ જ જાય. આવો મનુષ્ય અચૂક મોક્ષ-કૈવલ્યને પામે જ છે.

તો પરમાત્માને પ્રાર્થના કરીએ કે હે પરમ્કૃપાળુ આપ અમારા ઉપર એવી કૃપા કરો કે જેથી મનુષ્યજન્મ સાર્થક કરવા મુખ્ય ધ્યેયની વિસ્મૃતિ ન થાય અને તે સાર્થક કરી શકીએ, તે માટેની શક્તિ-ભક્તિ-મતિ આપો.

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય, તો જ આપણી જય.

ઓમ્ નમઃ પાર્વતિ પતયે હર હર મહાદેવ હર.

ફરી ફરી સર્વેને ખૂબ ખૂબ આશિષ - જય નારાયણ

ઓમ્... ઓમ્... ઓમ્...

## ગુરુદીક્ષાં પ્રયચ્છમે (કૃપા કરીને મને ગુરુદીક્ષા આપો)

- યોગભિક્ષુ

અનેક પ્રકારની ગીતાઓમાં ગુરુગીતા શ્રેષ્ઠ છે. ગુરુગીતાના પ્રારંભમાં જ પાર્વતીજી દેવાધિદેવ મહાદેવ કે જે એમના પતિ છે, એમની પાસે ગુરુદીક્ષાની માગણી કરે છે. તમે મને દીક્ષા આપો. મારા ગુરુ બનો. આજે માતા પાર્વતીજી ગુરુનું વરણ કરી રહ્યાં છે. જિજ્ઞાસુ થઈને મહાદેવજી પાસે આવ્યાં છે.

મહાદેવજી જ્યાં સુધી પતિ હતા, ત્યાં સુધી પાર્વતીજીને પતિનું સુખ મળતું હતું, પતિ તરીકેની મહાદેવજીની ફરજો હતી. પરંતુ એક ગુરુ પાસેથી શિષ્યને જે મળે અથવા શિષ્યાને જે મળે તે એમને મળતું ન હતું, પત્ની હોવા છતાં. એ ક્યારે મળે ? શિષ્યા બને ત્યારે. આમાં એક ઊંડું રહસ્ય છે. આ રહસ્ય બીજે ક્યાંય સાંભળવા ન મળે. તમો સૌ ઓમ્પરિવારમાં છો, એટલે તમને આ સાંભળવા મળ્યું છે. એમાં શું રહસ્ય છે ?

જેઓ સમર્થ ગુરુજનો છે, તેઓ સગપણની રીતે આપણને ગમે તે થતાં હોય, ચાહે કાકા, મામા, ભાઈ, પિતા કે પુત્ર થતાં હોય, પણ જ્યાં સુધી એની સાથે સગપણનો સંબંધ રાખીએ ત્યાં સુધી એ સગપણના સંબંધથી એમની જે જવાબદારી હોય એ અદા કરે. જેમકે બહેન હોય, તો ભાઈ તરીકેની, ભાણેજ હોય તો મામા, ભત્રીજો હોય તો કાકા, પત્ની હોય તો પતિ તરીકેની જવાબદારી સંભાળે. પરંતુ શિષ્ય કે શિષ્યાને ગુરુ તરફથી જે મળે તે એમને ન મળે. એ ક્યારે મળે ? શિષ્ય કે શિષ્યા બને ત્યારે.

પરંતુ સગપણ વિનાની જે બહારની દુનિયા છે, જે એમની સાથે ગુરુભાવે વર્તન કરતી હોય, તો એમની સાથે એ

ગુરુ તરીકેની જવાબદારી અદા કરે, ગુરુ તરીકે જે કંઈ મળતું હોય એ તેમને એટલે કે શિષ્ય અને શિષ્યાઓને, એટલે કે સ્ત્રી અને પુરુષોને, ભાઈઓ તથા બહેનોને કે એમનામાં ગુરુભાવ રાખતા હોય, એમને એમના તરફથી મળે.

માતા પાર્વતીજીએ જ્યારે ગુરુદીક્ષાની માગણી કરી ત્યારે મહાદેવજીએ એમને કહ્યું કે 'ગુરુ વિના બીજું કોઈ બ્રહ્મ નથી.' આજ સુધી એ કહેતા નહોતા, એમના પતિ હોવા છતાં, પરંતુ જ્યારે પોતાનાં પત્ની હોવા છતાં જિજ્ઞાસુ થઈને આવ્યાં ત્યારે મહાદેવજી આજે સાચી વાત કરી રહ્યા છે. આજ સુધી ખોટી વાત કરતા હતા કે કહેતા હતા એમ નહીં. પરંતુ આજ સુધી એમની જવાબદારી પતિ તરીકેની હતી, તેથી પોતાનાં પત્નીને જે કંઈ કહેવાનું હતું, એ કહેતા હતા. આજે શિષ્યાભાવે આવ્યાં છે એમની પત્ની, તો શિષ્યા માટે જે કહેવાનું છે તે કહી રહ્યાં છે :

'ગુરુ વિના બ્રહ્મ નાન્યત્'

જપસ્તપો વ્રત તીર્થં યજ્ઞોદાનં તથૈવચ,

ગુરુતત્ત્વં વિજ્ઞાય સર્વ વ્યર્થ ભવેત્પ્રિયે.

હે પ્રિય ! ચાહે ગમે એટલાં યજ્ઞો, વ્રતો, તપો, દાન, જપ, તીર્થ કરો; ગમે તે કરો; પણ જ્યાં સુધી ગુરુતત્ત્વોને સાચી રીતે તાત્ત્વિક રીતે ન જાણો, ત્યાં સુધી કંઈ જ ફળતું નથી અને મૂઢની જેમ જ જીવન પૂરું થઈ જાય છે.

# આજ્ઞાચક્ર પર માખી

- યોગભિક્ષુ

અમારે આ પ્રમાણે બનતું, ધ્યાનમાં બેસીએ કે એક માખી ગમે ત્યાંથી આવીને મસ્તક ઉપર ગમે ત્યાં બેસી જાય, મસ્તક ઉપરથી કપાળ ઉપર આવે. કપાળ ઉપર આઘીપાછી થઈને છેવટે નેણોની વચ્ચે આજ્ઞાચક્ર ઉપર આસન જમાવી દે અને પોતાના પગ થોડા આઘાપાછા કરતી રહે. ત્યાં માખીના પગનો સ્પર્શ થતો રહેવાથી મન-ધ્યાન નેણોની વચ્ચે રહ્યાં કરે. થોડી વાર પછી માખી પોતાનું હલનચલન સંપૂર્ણ બંધ કરીને સ્થિર થઈ જાય. એ વખતે અમે પણ સંપૂર્ણ સ્થિર થઈ ગયા હોઈએ. માખી જ્યારે નેણો વચ્ચે આવે નહીં. ત્યારે એવા વિચારો આવે કે નેણો વચ્ચે કોઈ ચીકણો પદાર્થ લગાવીને માખીને ત્યાં ચોંટાડી દેવી જોઈએ, જેથી માખીનો થોડો થોડો સ્પર્શ ત્યાં થયા કરે અને તેથી વૃત્તિ સતત આજ્ઞાચક્રમાં રહ્યા કરે. પણ તુરત જ વિવેકબુદ્ધિ તેમ કરવાની સખત ના પડે અને એવા ખોટા વિચારો, બીજા જીવને ત્રાસ આપવાના આપણા વિચારો, ઉપર ખૂબ તિરસ્કાર વરસાવે.

પરંતુ આ માખી-પ્રકરણથી આમ વિચારીને આનંદ અને સમાધાન થતાં કે કુદરત આ રીતે ધ્યાનમાં સહાયતા કરે છે. પાતંજલ યોગદર્શનના સાધનપાદના ચુમ્માલીસમાં સૂત્રમાં કહ્યું છે કે સ્વાધ્યાયથી ઈષ્ટદેવતા જોડે સંબંધ થાય છે. તો આ રીતે ઈષ્ટદેવતા સહાય નહીં કરતા હોય તેમ કેમ કહી શકાય ?

આ પ્રકરણથી બીજું પણ એક સહસ્યોદ્‌ઘાટન થતું કે નેણોની વચ્ચે તિલક કે ચાંદલો કે બીજું જે કાંઈ ચિહ્‌ન કરવામાં આવે છે, તે પ્રારંભ અવસ્થાના સાધકોને ધ્યાનમાં સહાયતા કરવા માટે જ કરવામાં આવે છે. કારણ કે તેનાથી ત્યાં કાંઈક ચોટ્યું છે, તેવું લાગ્યા કરે અને ત્યાંથી ચામડી પર જરા ખેંચાયા કરે તેથી વૃત્તિ ત્યાં રહ્યા કરે. તેથી એ નક્કી થયું કે બે નેણો વચ્ચે જે કાંઈ ચિહ્‌ન, જે પ્રકારે પણ કરવામાં આવે, તે ધ્યાનમાં સહાયતા પહોંચાડવાનો એક પ્રકાર જ છે.

શ્રી રામકૃષ્ણ પરમહંસે જ્યારે પૂછ્યું કે ધ્યાન ક્યાં કરવું, ત્યારે તોતાપુરીએ એક કાચનો ટુકડો છૂટો મારેલો, જે રામકૃષ્ણનાં નેણો વચ્ચે લાગેલો અને થોડો ઘા થઈ ગયેલો. પછી તોતાપુરીએ કહ્યું કે ધ્યાન ત્યાં (નેણો વચ્ચે) કરવું. આ પ્રસંગ પણ સૂચક છે.

કોઈ વાર તો એવું પણ બનતું કે શરીર ઉપર માખી બેઠી હોય, તેને પકડવા દીવાલ ઉપરથી ગરોળી કૂદકો મારીને શરીર ઉપર પડે અને ચમકાવી દે ! ક્યારેક માખી અને અમે પરસ્પર હઠે ચડીએ. માખી કપાળમાં બેસે અને અમે કપાળની ચામડી ઊંચી-નીચી કરીને તેને ઉડાડી દઈએ, તે પછી તુરત ત્યાં આવીને બેસી જાય. અમે ફરી પાછા ઉડાડીએ. પછી અમને એવો વિચાર આવે કે આ વખતે આવીને બેસે, ત્યારે ઉડાડવી જ નથી; સહન કરી લેવું છે. તો તે વખતે તે આવે જ નહીં.

# ચાલો ઊજવીએ 'સર્વજીવ શુભેચ્છા દિવસ'

- યોગભિક્ષુ

આજના શુભદિવસે આપ જગતના સર્વ જીવો માટે શું ત્યાગી શકો છો ?

આપ આજના દિવસે સર્વ જીવો માટે ફક્ત શુભેચ્છાઓનું-શુભકામનાઓનું દાન કરો, એવી આપને આગ્રહભરી વિનંતી છે.

આપણી પાસે બીજું કાંઈ ન હોય, પરંતુ 'સૌ સુખી થજો' એટલો શુભસંકલ્પ તો જરૂર છે. માટે આજે 'વિશ્વના સર્વ જીવો સુખી થજો' એવી ભાવનામાં આપણે વધુમાં વધુ રહીને આ દિવસને ઉજવીએ.

કોઈ પણ પ્રકારનું આચરણ કરતાં પહેલાં વિચાર કરવો પડે છે; આચરણથી પણ પહેલું સ્થાન વિચારનું સંકલ્પનું છે. શુભ સંકલ્પ જબરદસ્ત શક્તિશાળી હોય છે. તે વર્તુળ પૂરું કરીને (સરકિટ કમ્પલીટ કરીને) જ્યાંથી ઉત્પન્ન થયો હોય છે, ત્યાં પાછો આવીને સમાય છે, તેથી શુભસંકલ્પ કરનાર પોતે પણ સુખી થાય છે.

લાકડામાં રહેલો અગ્નિ પ્રગટે છે, ત્યારે તે, તે લાકડાને પ્રથમ બાળે છે કે જેમાં તે રહ્યો છે. તેમ ઈર્ષા-અગ્નિ પણ જે હૃદયમાં પ્રગટે છે. તે હૃદયને પહેલાં બાળે છે. શુભેચ્છા પણ જેમાં પ્રગટે છે, તેને પ્રથમ સુખ આપે છે.

**જો શાંતિને આપીએ તો શાંતિને પામીએ**

બાવળમાંથી કાંટા જ મળે છે અને આંબામાંથી કેરીઓ જ મળે છે, તેમ અશાંતિમાંથી અશાંતિ જ અને શાંતિમાંથી શાંતિ જ મળે છે. સારાં કર્મો કરવાથી સુખ અને ખરાબ કર્મો કરવાથી દુઃખ જ મળે છે.

બાવળ, આંબો વગેરે જે જગ્યાએ વાવ્યા હોય તે જ જગ્યાએ ઊગે છે અને ફળ આપે છે. તેથી તેની ફળપ્રાપ્તિની આપણને ખબર પડે છે, પરંતુ સૂક્ષ્મ સત્-અસત્ કર્મો જ્યાં કર્યાં હોય, ત્યાંથી જ તરત ફળ આવતાં નથી, તેથી તેની ફળપ્રાપ્તિ આપણને શીઘ્ર સમજણ પડતી નથી. સારું કે ખોટું કાર્ય અમદાવાદમાં કર્યું હોય, તો તેનું સુખ કે દુઃખરૂપી ફળ મુંબઈ કે અન્ય સ્થળેથી પણ મળી શકે છે. સૂક્ષ્મ કર્મનો સૂક્ષ્મ નિયમ જલદી સમજમાં ઊતરે તેવો નથી, તેથી મનુષ્ય ગફલતમાં રહી જાય છે. અને ખોટાં કાર્યો કરીને દુઃખી થાય છે.

કોઈ બળવાન મનુષ્ય જતો હોય, તેને લાફો મારવાનું આપણને મન થાય, તો આપણે મન ઉપર કાબૂ રાખીએ છીએ. કેમકે એ ખબર છે કે આપણે એક લાફો મારીશું, તો તે સામેથી આપણને દસ લાફા ફટકારશે, પરંતુ નિર્બળને હેરાન કરતાં આપણે થોડા પણ આચકાતા નથી, કારણ કે આપણે એમ માનીએ છીએ કે તે ક્યાં કાંઈ કરી શકવાનો હતો ? પરંતુ સાવધાન ! તે કર્મનું ફળ દુઃખ પણ કર્મના નિયમ પ્રમાણે યથાસમયે જરૂર ભોગવવું જ પડે છે. માટે આટલું જરૂર યાદ રાખીએ કે -

(૧) બીજા જીવોને સુખી કરવાથી સુખી થવાય છે.
(૨) બીજા જીવોને દુખી કરવાથી દુખી થવાય છે.
(૩) બીજાઓને સન્માન આપવાથી સન્માન પમાય છે.
(૪) બીજાઓ તરફ ઈર્ષા કરવાથી ઈર્ષા મળે છે.
(૫) બીજાઓ ઉપર ક્રોધ કરવાથી ક્રોધ મળે છે.
(૬) બીજાઓનો તિરસ્કાર કરવાથી તિરસ્કાર મળે છે.
(૭) બીજાઓ માટે શુભેચ્છા રાખવાથી શુભેચ્છાઓ મલે છે.

**૨૦૨૩ શક્તિ :** 'શક્તિ' એટલે સર્વવ્યાપક એવું પરમ-ચૈતન્ય તત્ત્વ, કે જે મનુષ્ય, પશુ, પક્ષી, કીટ, પતંગ વગેરે ચરાચરમાં વ્યાપીને રહેલું છે. તેને જ સૌ પોતપોતાની રીતે ચીતરે છે.

એ તત્ત્વને કોઈ સ્ત્રી-પુરુષ જેવાં અંગોપાંગ કે શરીરો નથી. તે માત્ર એક ચૈતન્ય તત્ત્વો જ છે અને બધાં જડ તત્ત્વોને ગતિ તેના થકી જ પ્રાપ્ત થાય છે.

પાચનશક્તિ, શ્રવણશક્તિ, ગુરુત્વાકર્ષણશક્તિ, વિદ્યુતશક્તિ, કામ-ક્રોધ-લોભ-મોહ-શક્તિ વગેરે-વગેરે તે શક્તિનાં અનંતાનંત નામો છે.

આપણે આપણી ક્ષમતા મુજબ તેને સમજીને આનંદ માણી શકીએ છીએ અથવા ઝગડી શકીએ છીએ. ઝગડવામાં પણ 'શક્તિ'નો જ સહારો લેવો પડે છે.

॥ એકં એવં અદ્વિતીયં ॥

૨૦૨૪. **વિદ્યુત...** વિદ્યુતશક્તિ, મોટાં-મોટાં કારખાનાંઓ અને મિલોને એક ફરકડીની જેમ ચલાવો છે પણ તોય તે, ચૈતન્યશક્તિના મહાસાગરની તુલનામાં એક બિંદુ બરાબર પણ નથી.

સમસ્ત મિલો વગેરેને ચલાવનાર વિદ્યુતશક્તિ પણ સમસ્ત વિદ્યુતશક્તિની તુલનામાં એક બિંદુ બરાબર પણ નથી.

"નેતિ-નેતિ"

## હનુમાનજીનાં મંદિરો કેમ થયાં ?

- યોગભિક્ષુ

હનુમાનજી શ્રીરામના લાડીલા હતા. તેમની શ્રીરામ તરફની ભક્તિ અલૌકિક હતી. સીતાજીએ તેમને સાચાં મોતીની માળા પહેરાવી કે જેનું એક એક મોતી લાખ લાખનું હતું. તે મોતીની તોડી તોડી, દાંતથી ચાવી ચાવી તેમણે અંદર જોવાનો પ્રયત્ન કર્યો કે આમાં મારા રામ છે? આમાં મારા પ્રભુ બિરાજમાન છે? આમાં મારા ગુરુદેવ હાજર છે? જો આમાં મારા ગુરુદેવ-પ્રભુ હાજર ન હોય, તો તે સવાલાખ રૂપિયાનું મોતી હોય કે સવા કરોડ રૂપિયાનું મોતી હોય તે મારે શું કામનું?

આમ, હનુમાન રામને આવી રીતે માનતા હતા. રામમાં એકાગ્ર-તન્મય-તદ્રૂપ થઈ ગયેલા હતા. રામથી પોતે જુદા રહેવા માંગતા જ નહોતા. જગતની કોઈ પણ વસ્તુમાં રામ સિવાય એમને બીજું કાંઈ દેખાતું જ નહોતું. રામ સિવાય બીજું કાંઈ એમને જોઈતું જ નહોતું. એમને કોઈકે પૂછ્યું કે આજે કઈ તિથિ છે? તો હનુમાનજી કહે કે આજે રામનવમી છે. તે દિવસે રામનવમી નહોતી. બીજી તિથિ હતી, પણ એમને બીજી તિથિનું ભાન જ નહોતું. કોઈ ગુરુભક્તને પૂછીએ કે આજે કઈ તિથિ છે? તો કહેશે કે ગુરુપૂર્ણિમા.

આપણા વિનુભાઈ ઉર્ફે ગુરુપ્રેમભિક્ષુજી આજથી ત્રીજા વર્ષે ગુરુપૂર્ણિમા ઉજવાયેલી ત્યારે તેઓ કહેતા હતા કે, 'બારમાસી' ગુરુપૂર્ણિમા, મને તો બારેય મહિના ગુરુપૂર્ણિમા જ લાગે છે. એક ગુરુપૂર્ણિમા ગઈ તેનો આનંદ લીધો. હવે રોજરોજ ગુરુપૂર્ણિમા જેવો જ, જેટલો જ આનંદ થાય છે. બારે મહિના બધા જ દિવસો મને તો ગુરુપૂર્ણિમાના લાગે છે.

હનુમાનજી રામનવમીમાં જ લીન હતા. રામમાં તલ્લીન હતા તેથી એક એક મોતી જોયું પણ તેમાં રામ ન દેખાયા, તેઓ આવા રામના પ્રેમી હતા. તો, જે રામનો આવો પ્રેમી હોય એ રામને કેટલો પ્રિય હોય! રામ તેને કઈ રીતે માનતા હોય! આપણો શિષ્ય કે આપણો પ્રેમી હોય તે તન-મન-ધનથી અર્પણ થઈ ચૂકેલાં હોય, તો તેના તરફ આપણો કેવો ભાવ હોય ! કેટલો અનહદ ભાવ હોય છે કે જેને વ્યક્ત-અભિવ્યક્ત કરી જ ન શકીએ! એ ભાવ અને ઊભરો એટલો સૂક્ષ્મ હોય છે કે જેને સ્થૂળરૂપમાં બહાર બતાવી જ ન શકીએ. તેમના શ્રેય માટે આપણા મનમાં સતત ચિંતન-મનન ચાલતું જ હોય છે. હનુમાનજીને જેવા રામ પ્યારા હતા, તેવા જ પ્યારા શ્રીરામને હનુમાન હતા, તેઓ કોઈને આ વાત મોઢેથી થોડા જ કહેતા હતા? તો એની સાબિતી શું? આજે હનુમાનજીનાં મંદિરો આપણે જોઈએ છીએ, તે આ કેદારેશ્વરની ટેકરી ઉપર સંકટમોચન હનુમાનનું મંદિર છે, જ્યાં અઠવાડિયા પહેલાં સંકટમોચન સ્તોત્રથી આપણે બાર કલાકનો જપયજ્ઞ કર્યો હતો. હનુમાનજીનાં મંદિરો થયાં એ શાની સાબિતી છે? રામના હનુમાન તરફના પ્રેમની કે જો રામ 'ભગવાન' તરીકે પૂજાય અને રામમંદિરો થાય, તો રામનો જે લાડીલો હોય તે એમનો એમ શેનો રહી જાય?! એનાંય મંદિરો થવાં જોઈએ, રામની પ્રેરણાથી.

પોતાનાં મંદિરો બને તેમ હનુમાનજી નહોતા ઇચ્છતા. તેઓ રામની સેવા એટલા માટે નહોતા કરતા કે રામ મારાં પણ મંદિરો બનાવે, એ તો તેમનો કેવળ શુદ્ધ પ્રેમ હતો. એ તો તેમનું શુદ્ધ જ્ઞાન હતું, તેથી તે રામની સેવા કરતા હતા. તેમની જે શક્તિ હતી, તેનો ઉપયોગ-સદ્ઉપયોગ તેમણે પોતાના ગુરુદેવની સેવામાં કર્યો, પોતે જેને ભગવાન સમજતા હતા, તેની સેવામાં પોતાનું જે કાંઈ હતું તે તમામ સમર્પણ કરી દીધું. તેઓ કાંઈ બદલાના આશયથી તેમની સેવા નહોતા કરતા. રામ એમને જેટલા વહાલા હતા, રામને પણ તેઓ તેટલા જ વહાલા હતા અને તેથી રામનાં મંદિરોની સાથે સાથે હનુમાનનાં મંદિરો પણ થયાં. ભગવાનનાં મંદિરોની સાથેસાથે ભક્તનાં મંદિરોય થયાં તે, ભગવાનનો ભક્ત તરફનો જ પ્રેમ તેની શુદ્ધ સાબિતી છે, આ વસ્તુ સમજવા જેવી છે. આના ઉપર આપણે ક્યારેય વિચાર નથી કર્યો કે હનુમાનજીનાં મંદિરો કેમ થયાં?

॥ ૐ ॥

॥ તસ્ય વાચકઃ પ્રણવઃ ॥

# ઓમ્ પરિવારના ઉત્સવ-૨૦૨૦

| કયા પ્રસંગ નિમિત્તે | સ્થળ | ઊજવવાની તારીખ |
|---|---|---|
| મહાશિવરાત્રી નિમિત્તે | કુસુમ હરનાથ મંદિર,<br>અમરેશ્વર મહાદેવની સામે, વારાહી દરવાજા,<br>ઉમરેઠ-ડાકોર રોડ, મુ. ઉમરેઠ, જિ. આણંદ. | ૧-૩-૨૦૨૦<br>રવિવાર<br>સવારે ૧૦ થી ૨ |
| હનુમાન જયંતી નિમિત્તે | અનિલભાઈ ગોવિંદભાઈ એન. પ્રજાપતિ<br>સી ૧/૧, ભદ્રેશ્વર સોસાયટી,અંકુર ચાર રસ્તા,<br>નારણપુરા, અમદાવાદ-૧૩. | ૧૨-૪-૨૦૨૦, રવિવાર<br>સવારે<br>૮.૩૦ થી ૧૧ |
| ગુરુપૂર્ણિમા | **કામનાથ મહાદેવ હૉલ**<br>લૉયેલા (સેંટ ઝેવિયર્સ) સ્કૂલ સામે,<br>સેંટ ઝેવિયર્સ સ્કૂલ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૯ | ૫-૦૭-૨૦૨૦<br>રવિવાર<br>સવારે ૮ થી ૦૨ |
| ઓમ્ ગુરુદેવ જયંતી | **કામનાથ મહાદેવ હૉલ**<br>લૉયેલા (સેંટ ઝેવિયર્સ) સ્કૂલ સામે,<br>સેંટ ઝેવિયર્સ સ્કૂલ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૯ | ૧૦-૧૧-૨૦૨૦<br>મંગળવાર<br>૪-૩૦ થી ૮ |
| બેસતુ વર્ષ | સુમન સજની હોલ<br>સોમેશ્વર મહાદેવ પાસે, હિરાભાઈ ટાવર પાસે,<br>ભાડવાતનગર, મણીનગર, અમદાવાદ-૮ | ૧૬-૧૧-૨૦૨૦<br>સોમવાર<br>સવારે ૭ થી ૯ |
| ઓમ્ ગુરુદેવ જયંતી | હાટકેશ્વર મંદિર<br>નદીઓમ દરવાજા, મુ. વડનગર, જિ. મહેસાણા | ૨૯-૧૧-૨૦૨૦, રવિવાર<br>સવારે ૧૦ થી ૨ |
| શ્રી ગાયત્રીઅનુષ્ઠાન સાધનાશિબિર નિમિત્તે | ‘નિર્વિકલ્પ મુક્તિધામ’<br>નાથાભાઈ એ. પટેલના ખેતરમાં,<br>મુ. પલિયડ (વેડા), તા. કલોલ, જિ. ગાંધીનગર<br>મો. ૯૮૨૫૦૨૩૩૦૪ | ૨૭-૧૨-૨૦૨૦<br>રવિવાર<br>સવારે ૧૦ થી ૨ |

## ● ઓમ્ પરિવારના ઉત્સવો ●

| | | |
|---|---|---|
| શ્રી ગાયત્રીઅનુષ્ઠાન સાધનાશિબિર નિમિત્તે | ‘નિર્વિકલ્પ મુક્તિધામ’<br>નાથાભાઈ એ. પટેલના ખેતરમાં,<br>મુ. પલિયડ (વેડા), તા. કલોલ, જિ. ગાંધીનગર | ૨૯-૧૨-૨૦૧૯<br>રવિવાર<br>સવારે ૧૦ થી ૨ |

अीश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।




( समाधिपाद के सूत्रों का भावानुवाद )

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है अैसा पुरुषविशेष/चेतनविशेष अीश्वर है।

(२५) अीश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) अीश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है ।

(२७) अीश्वर का नाम प्रणव/ओम् है ।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

---

## ● ટ્રસ્ટના ઉદ્દેશો

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતન તત્ત્વ કે જેનું નામ પ્રણવ (ઓમ્–ૐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવાનો પ્રયત્ન કરવો. (૨) ‘યોગ’નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે સાહિત્ય દ્વારા આધ્યાત્મિક જ્ઞાનનો પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત ‘બહુજનહિતાય–બહુજનસુખાય’ને લગતાં કાર્યો, જેવાં કે, કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

- પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજશ્રી સાથેનાં પ્રેરક પ્રસંગો - સંસ્મરણો સંક્ષિપ્તમાં આવકાર્ય છે.
- "ઓમ્ પરિવાર"ની કલ્યાણકારી પ્રવૃત્તિઓ વિશેની માહિતી પણ સંક્ષિપ્તમાં આવકાર્ય છે.

નોંધ : જગ્યા-મર્યાદાને કારણે અન્ય કૃતિ-સામગ્રી સ્વીકારી શકાતી નથી.

- ઋતમ્ભરા સંપાદન સમિતિ

**લવાજમદર :**

| | | |
|---|---|---|
| ત્રિવાર્ષિક સભ્ય (ભારતમાં) ... | ₹ | ૧૦૦-૦૦ |
| આજીવન સભ્ય (ભારતમાં) ... | ₹ | ૫૦૦-૦૦ |
| ત્રિવાર્ષિક સભ્ય (પરદેશમાં) ... | $ | ૫૦-૦૦ |
| આજીવન સભ્ય (પરદેશમાં) ... | $ | ૧૫૦-૦૦ |
| છૂટક નકલની કિંમત ... | ₹ | ૧૦-૦૦ |

**લવાજમ મોકલવાનું કે રુતમ્ભરાને લગતો પત્રવ્યવહાર કરવાનું સ્થળ :**

*ડૉ. સોમાભાઈ એ. પટેલ (ડૉ. સ.સ. ભિક્ષુ)*
૩/બ, પલિયડનગર, દર્પણ સર્કલ પાસે,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ០૧૩
☎ ០૭૯ ૨૭૯૧૧૧૯૫

**સૂચના :-**

(૧) લવાજમ ચેક, ડ્રાફ્ટ અથવા મનીઓર્ડર દ્વારા "ઓમ્ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ" ના નામે મોકલવું. સાથે આપનું પૂરુ નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવાં.

(૨) જે સભ્યના રહેઠાણનું રુતમ્ભરા અંક મોકલવાનું સ્થળ બદલાયું હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરુ સરનામું L.M. નંબર સાથે લખી મોકલવું, જેથી વ્યવસ્થાપકો દ્વારા અંક મોકલવામાં સરળતા રહે.

Registrar of News Papers of India
under Regd. No. 48770/90
L-5/131/QTY./34/90-91

**આદ્ય સંસ્થાપક તથા આધ્યાત્મિક વડા**
**પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી**

PRINTED & PUBLISHED BY :-
Dr. S. S. Bhikshu for

**AUMGURU PREMSAMARAPANDHYANBHIKSHU PARIVAR TRUST**

(Reg. No. E/4416 Date 11-5-81)

From :- 3/B, Paliadnagar Society,
Naranpura, Ahmedabad-13
Printed at : Shardul Printing Press
Hon. Editor : Minish Patel
I.T.Exe. DIT (E)/80G(5) / 252 / 2008-09

To,

Web : www.yogabhikshu.org
E-mail : aumparivar@yahoo.com

Facebook : yogabhikshu.aumparivar
Playstore App. : Guru Vatsalya